નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper





રાજકોટનાં આમ્રપાલી અન્ડરબ્રીજમાં સુશોભન માટેનાં કુંડા જોખમી બન્યા


જુઓ પેજ નં.૧૪



માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :20 JUNE 2024 I THURSDAY I Page : 17 I Year : 2 I Issue :71 I Price: 2/-


# કેન્દ્રની ખેડૂતોને મોટી ભેટ, ૧૪ ખરીફ પાકો પર MSP વધારવાની કેબિનેટની મંજૂરી



## કૃષિ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ તેલીબિયાં અને કઠોળના ટેકાના ભાવમાં સૌથી વધુ વધારો કરવામાં આવ્યો

નવી દિલ્હી,૧૯

કેન્દ્ર સરકારે આજે (૧૯ જૂન) ૧૪ ખરીફ પાકો પર મિનિમમ સપોર્ટ પ્રાઈઝ () વધારવાની જાહેરાત કરી છે. આ પાકોમાં રાગી, બાજરી, મકાઈ અને કપાસનો સમાવેશ થાય છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, અગાઉ ડાંગરની રૂ.૨૧૮૩ રૂપિયા હતી, જોકે તેમાં વધારો કરીને ૨૩૦૦ રૂપિયા કરવામાં આવી છે.

તેમણે કહ્યું કે, કપાસની નવી રૂ.૭૧૨૧ જ્યારે તેની બીજી જાત માટે નવી ૭૫૨૧ રૂપિયા નિર્ધારીત કરાઈ છે, જે અગાઉની એમએસપી કરતાં ૫૦૧ રૂપિયા વધુ છે. તેમણે એમ પણ કહ્યું કે, દેશમાં બે લાખ નવા ગોડાઉન બનાવવામાં આવશે. નવી એમએસપી પર બે લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરાશે. ગત પાક સિઝનમાં એમએસપી પર આશરે ૧.૬૫ લાખ રૂપિયા ખર્ચ કરાયો હતો.

ખેડૂતોનો ફાયદો પહોંચાડવા અને તેમને કોઈપણ નુકસાનથી બચાવવા માટે પાકો પર લઘુત્તમ ટેકાના ભાવની વ્યવસ્થા ઘણા વર્ષોથી ચાલી રહી છે. કેન્દ્રીય સરકાર પાકોના મિનિમમ ભાવ નક્કી કરે છે જેને કે પછી લઘુત્તમ ટેકાના ભાવ કહેવામાં આવે છે. તેને એક ઉદાહરણથી સમજવાનો પ્રયાસ કરીએ છીએ. જો ક્યારેય પાકના ભાવ બજારના હિસાબથી ઓછા આવે છે, ત્યારે પણ સરકાર પાકોને ખરીદે છે. અંદાજિત ૬૦ વર્ષ પહેલા તત્કાલિન સરકારે દેશને અનાજની અછતથી બચાવવા માટે ઘઉં પર શરૂ કર્યું હતું. જોકે, સરકાર સીધા ખેડૂતોથી ઘઉંને ખરીદીને પીડીએસ સ્કીમ હેઠળ ગરીબોમાં વહેંચી શકે. આ વાત સમજવું ઘણું જરૂરી છે કે સરકાર તમામ પાકો પર નહીં આપે. સરકાર તરફથી ૨૪ પાકો પર નક્કી થાય છે. એગ્રીકલ્ચર મિનિસ્ટ્રીના કમીશન ફૉર એગ્રીકલ્ચરલ કોસ્ટ્સ એન્ડ પ્રાઈસિસ ડિપાર્ટમેન્ટ તરફથી શેરડીની નક્કી કરવામાં આવે છે. આ એક ડિપાર્ટમેન્ટ તરીકે સૂચન આપે છે. આ કોઈ ઓર્ગેનાઈઝેશન નથી જે કાયદા તરીકે નક્કી કરી શકે. આ માત્ર એક વિભાગ છે જે સૂચન આપે છે, આ કોઈ એવી સંસ્થા નથી જે કાયદાકીય રીતે લાગૂ કરી શકે. ઓગસ્ટ ૨૦૧૪ એટલે અંદાજિત ૧૦ વર્ષ પહેલા શાંતા કુમાર કમિટીએ પોતાના રિપોર્ટમાં કહ્યું હતું કે, દેશમાં માત્ર ૬ ટકા ખેડૂતોને નું બેનિફિટ મળી શકે છે. બિહારમાં તો પર ખરીદી જ નથી થતી. ત્યાં રાજ્ય સરકાર તરફથી પ્રાઈમરી એગ્રીકલ્ચર કૉપરેટિવ સોસાયટી એટલે પેક્સની રચના કરાઈ હતી જે ખેડૂતોથી ડાયરેક્ટ અનાજ ખરીદે છે. પરંતુ ખેડૂતોનું કહેવું છે કે પેક્સ ઘણા અનાજની ખરીદે છે અને મોડું પેમેન્ટ કરે છે. ખેડૂતોને વધુ પડતા પાક ઓછી કિમત પર જ વચેટિયાઓને વેચવી પડે છે.

# નાલંદા વિશ્વ વિદ્યાલયના નવા પરિસરનું પીએમના હસ્તે ઉદઘાટન

## પુસ્તકો ભલે સળગી જાય પરંતુ જ્ઞાનને આગની જવાળા મિટાવી નથી શકતી મોદી



પટણા (બિહાર), તા.૧૯

વડાપ્રધાન તરીકે ત્રીજીવાર શપથ લીધા બાદ વડાપ્રધાન મોદી નાલંદા વિશ્વ વિદ્યાલયની મુલાકાતે આવ્યા હતા. અહીં તેમણે નાલંદા વિશ્વ વિદ્યાલયના નવા પરિસરનું ઉદઘાટન કર્યું હતું. આ તકે વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે નાલંદાનો અર્થ છે જ્યાં શિક્ષણ અને જ્ઞાનનો દાહ અવિરત પ્રવાહ હોય, શિક્ષણ સીમાઓથી પર છે. નફા-નુકસાનના દ્રષ્ટિકોણથી પણ પર છે. નાલંદામાં ૨૦ દેશથી વધુ દેશોના લોકો ભણતા હતા. નાલંદા વિશ્વ વિદ્યાલય આસિયાન ઈન્ડિયા વિશ્વ વિદ્યાલયની દિશામાં પણ કામ કરી રહી છે. વડાપ્રધાને વધુમાં જણાવ્યું હતું કે નાલંદા વિશ્વ વિદ્યાલય આપણી ઓળખ છે. પુસ્તકો ભલે સળગી જાય, પણ આગની જવાળાઓ જ્ઞાનને મિટાવી નથી શકતી. તેની ફરીથી સ્થાપના ભારતના સ્વર્ણિમ યુગની શરૂઆતમાં કરવા જઈ રહી છે. તે ભારતના સામર્થ્યનો પરિચય આપશે. મોદીએ વધુમાં જમાવ્યુ હતું કે નાલંદા માત્ર ભારતના જ અતીતનું પુન જાગરણ નથી તેમાં એશિયાના અનેક દેશોનો વારસો જોડાયો છે. આ તકે ઉપસ્થિત બિહારના સીએમ નીતિશકુમારે વડાપ્રધાન મોદીને આવકારી જણાવ્યું હતું કે આપ અહીં આવ્યા તો સારું લાગ્યું. વડાપ્રધાન મોદીએ આ તકે નાલંદા વિશ્વ વિદ્યાલયના નવા પરિસરનું ઉદઘાટન કર્યું હતું.



## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# નવી સરકારની અર્થનીતિ



સુબ્રમણ્યમ સ્વામીએ તેમના છેલ્લા પ્રકાશિત પુસ્તકમાં નિખાલસતાથી જે વાતો કરી છે તે દેશનાં નાણાંપ્રધાનની વાતો સાંભળ્યા પછી કોઈને પણ સાચી લાગે એમ છે. સુબ્રમણ્યમ સ્વામીના કહેવા પ્રમાણે મિસ્ટર મોદી આસપાસ વાહવાહી કરનારું એક આભામંડળ રચાઈ ગયું છે, જે વડાપ્રધાન અને વાસ્તવિકતા વચ્ચેનું અંતર સતત વધારતું રહે છે. આ પુસ્તક એમણે ગયા વરસે પ્રસિદ્ધ કર્યું છે જેમાં પરોક્ષ રીતે લોકસભા ચૂંટણી ૨૦૨૪ ના પરિણામની આગાહી પણ ઉચ્ચારવામાં આવી હતી. એમણે ત્યારે કહ્યું હતું કે એનડીએ સરકારના તમામ પ્રધાનો વડાપ્રધાન મોદીની સ્તુતિ-પ્રશંસામાં એટલા બધા પાવરધા છે કે જમીની હકીકતોથી મોદીને સતત અંધારામાં રાખવામાં તેઓ સફળ નીવડે છે. સુબ્રમણ્યમ સ્વામીનું કહેવું હતું કે મોદી કેબિનેટ સતત ખોટા અગ્રતાક્રમ પ્રમાણે કામ કરે છે, જેને કારણે તત્કાલીન કેન્દ્ર સરકાર પ્રજામાં અપ્રિય થવા લાગી હતી.

એક તરફ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળે ભારતના આર્થિક વિકાસના અંદાજમાં ઘટાડો કર્યો છે. એનાથી દેશની વૈશ્વિક છબીને ઘસારો લાગ્યો છે. બીજી તરફ ભારતે દુબઈ જેવા મેગા શોપિંગ ફેસ્ટિવલની યોજના જાહેર કરી છે. એટલે જ સુબ્રમણ્યમ સ્વામી કહે છે કે જ્યાં ધ્યાન આપવાનું છે એ કામ પડતું મૂકીને સરકાર ચમક દમક અને પ્રચાર પાછળ જ એકાગ્ર છે. નિર્મલા સીતારામને એક સાથે બે-ત્રણ પક્ષીને નિશાનમાં લેવા માટે હાઉસિંગ ક્ષેત્રને બેઠું કરવા મોટું પૅકેજ જાહેર કર્યું હતું. એને કારણે સાવ પૂરા થવા આવેલા છતાં અટકી ગયેલા અનેક પ્રોજેક્ટ ફરી ધમધમતા થયા હતા એ હકીકત છે. કેન્દ્ર સરકારની નવી પ્રોત્સાહક નીતિનો એમને લાભ તો જ મળે જો તે પ્રોજેક્ટ પર કોઈ બાકી બેન્ક લોન ન હોય. બાંધકામ ક્ષેત્ર સાથે છૂટક મજુરી કરનારા અસંગઠિત કામદારોનો વિશાળ સમુદાય જોડાયેલો છે. એમાં સરકારના પ્રયાસોથી નવચેતન આવ્યું છે.

પરંતુ ગુજરાતમાં નવી ખાનગી ઔદ્યોગિક વસાહતોનું પ્લોટિંગ કરનારા અને કરોડોમાં ફસાયેલા બિલ્ડરો આવી સરકારી નીતિમાં મંદીમાંથી બહાર નીકળી શક્યા નથી. એમાં બ્રાન્ડેડ ગ્રુપને તકલીફ પડી નથી, પરંતુ મધ્યમ બિલ્ડરો ફસાઈ ગયેલા છે. સરકારે બાંધકામ ક્ષેત્ર માટે જાહેર કરેલા દસ હજાર કરોડ રૂપિયા હકીકતમાં ભાજપના પોતાના મેનિફેસ્ટો પ્રમાણેનાં હેતુઓ પાર પાડવા માટે હતાં તે આ ત્રીજી ટર્મમાં હવે સમજાય છે. સીતારામનની સમસ્યા એ છે કે તેઓ એમ માને છે કે તેઓ સાચું બોલે છે અને ખરેખર એ અસત્ય જ હોય છે. જેમ કે હમણાં તેમણે કહ્યું કે મોંઘવારી કાબૂમાં છે. ખરેખર તો મોંઘવારી બેકાબૂ છે. ડોલર અને રૂપિયા અંગેના તેમના હાસ્યાસ્પદ નિવેદનો જાણીતા છે. સીતારામને વળી એક વાત એવી કહી કે દેશમાં ઔદ્યોગિક ઉત્પાદન વધવાના સંકેતો જોવા મળે છે.

નિકાસ પ્રોત્સાહન માટેની વાત ખરેખર રસપ્રદ છે અને એમાં સરકાર ખરેખર કંઈક કરી શકશે. આપણે ત્યાં નિકાસ પ્રવિધિનું જંગલ છે. પહેલી વાત તો એ છે કે કોઈ પણ ઉદ્યોગપતિ જે જિલ્લામાં ઉદ્યોગ માટે જમીન સંપાદન કરે એટલે રાજકીય કાગડાઓનાં ટોળાં એમની માથે ચકરાવા લેવા લાગે. ગુજરાતમાં કેટલા બધા જિલ્લાઓ એવા છે જ્યાં છેલ્લાં પચીસ વરસમાં એક પણ નવા ઉદ્યોગના શ્રીગણેશ થયા નથી. એક સામાન્ય અને ઉત્તમ ગુણવત્તા ધરાવતી એક જ વસ્તુ નિકાસ કરવાનો નિર્ણય કરો એટલે સરકાર ઉત્પાદકને એવા ચકડોળમાં બેસાડે છે કે નિકાસનો ખ્યાલ જ નવાસવા તો પડતો મૂકે. આ સંકટ દૂર કરવાની નાણાંપ્રધાને ખાતરી આપી છે. કંપનીમાંથી માલ ગેટની બહાર જાય પછી એક અજાયબ ભૂલભુલામણીમાંથી પસાર થવાનું હોય છે. સરકારે હમણાં એક સ્પેશ્યલ વિન્ડોની જાહેરાત કરી છે, જે ઘરનું ઘર લેવા ચાહતા નાગરિકોને ફંડ ઉપલબ્ધ કરાવવામાં મદદ કરશે.

# ભ્રષ્ટ ટીપી શાખાને ચોખ્ખી કરવાનો પ્રયાસ, ૧૨ને હાંકી કઢાયા અને ૨૩ની નવી નિયુક્તિ

### અગ્નિકાંડમાં સાગઠિયા સહિત ૫ની ધરપકડ બાદ સ્વચ્છતા ઝુંબેશ આદરતા કમિશનર દેસાઇ

રાજકોટ.તા.૨૦

ટીઆરપી ગેમ ઝોનમાં લાગેલી આગમાં ૨૭ લોકો ભડથું થવાના મામલામાં ગેમ ઝોનના સંચાલકોની જેટલી જવાબદારી બહાર આવી તેટલી જ વરવી ભૂમિકા મનપાની ટીપી શાખાની ખૂલી હતી. તત્કાલીન ટીપીઓ સાગઠિયા સહિત પાંચ કર્મચારીની પોલીસે ધરપકડ કરી છે અને હજુ પણ કેટલાક પર તલવાર ઝળુંબી રહી છે ત્યારે ટીપી શાખા પર લાગેલા ભ્રષ્ટના સિક્કાને સ્વચ્છ કરવા મ્યુનિસિપલ કમિશનર દેસાઈએ ટીપી શાખામાં જડમૂળથી બદલાવ કરી આ શાખાના ૧૨ કર્મચારીને અન્ય શાખામાં ફેંકી દીધા હતા અને તેની સામે અલગ અલગ શાખામાંથી ૨૩ની ટીપી શાખામાં બદલીનો હુકમ કર્યો છે.

મ્યુનિ. કમિશનર દેવાંગ દેસાઈએ મંગળવારે ટીપી શાખામાં સાફસૂફી કરી હતી. ટીપી શાખાના એટીપીઓ વેગડ, દવે, આસિસ્ટન્ટ ઇજનેર દોશી, સિંધવ, અગ્રાવત, રાઠોડ, પરમાર, ફફલ, ખાચર, યુ.વી.ટાંક, ચાવડા અને આર.એ.ટાંક સહિત ૧૨ને અન્ય શાખામાં ફેંકી દેવામાં આવ્યા છે, જ્યારે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખામાં ફરજ બજાવતાં આર.જી.પટેલ, વોટર વર્કસના જે.એમ.ટાંક, તેમજ અન્ય શાખાઓમાંથી પી.એ.રાઠોડ, કે.આર.સિંધવ, એને.જે.રામાવત,એ.ડી.ધોરાળિયા,જી.એલ. હરણ, એ.જી.પટેલ, વી.કે.કનેરિયા, બી.વી.રાવલ, એ.પી.પટેલ, સી.એ.ચિત્રોડા, એ.કે.જોરા, એસ.એલ.પાંડવ તથા એન.પી.પંડ્યા સહિત ૨૩ને ટીપી શાખામાં ફરજ સોંપવામાં આવી છે.

અગ્નિકાંડના ત્રીજા જ દિવસે તત્કાલીન ટીપીઓ સાગઠિયા સહિત ત્રણને તાકીદની અસરથી સસ્પેન્ડ કરી દેવાયા હતા ત્યારબાદ પણ અન્ય બે કર્મચારીઓની પણ ધરપકડ કરાતા એ બંને પણ સસ્પેન્ડ થયા છે. સાગઠિયાને સસ્પેન્ડ કરાયો તે જ દિવસે રાજ્ય સરકારે રૂડાના ટીપીઓ પંડ્યાને મનપાની ટીપી શાખાનો ચાર્જ સોંપી દેવાયો છે.

# રાજ્ય કક્ષાના મંત્રી ભીખુસિંહ પરમારની તબિયત લથડી, યુએન મહેતા હોસ્પિટલમાં દાખલ કરાયા

રાજકોટ.તા.૨૦ ગાંધીનગરથી એક મોટા સમાચાર સામે આવી રહ્યાં છે. જેમાં રાજ્ય કક્ષાના મંત્રી ભીખુસિંહ પરમારની તબિયત લથડી છે. સૂત્રો પાસેથી મળતા સમાચાર મુજબ ભીખુસિંહ પરમારનું અચાનક બ્લડ પ્રેશર વધી જતાં તેમને તાત્કાલિક યુએન મહેતા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. હાલ તેમની સારવાર ચાલી રહી છે.



ભીખુસિંહ પરમારની રાજકીય સફર સંઘર્ષમય રહી છે. ધારાસભ્ય બનવા માટે ૨૭ વર્ષ સુધી રાહ જોવી પડી હતી. ૧૯૯૫માં પ્રથમવાર મોડાસા બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા પણ તેની હાર થઈ હતી. આ પછી વર્ષ ૨૦૦૨ની વિધાનસભાની ચૂંટણીમાં અપક્ષ તરીકે અને ૨૦૦૭માં બસપાની ટિકિટ પર મોડાસા બેઠક પરથી ધારાસભ્યની ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું, પણ તેમાં પણ નસીબે સાથ ન આપતા ચૂંટણી હારી ગયા હતા. ત્યારબાદ ભાજપે ૨૦૧૭ની ચૂંટણીમાં મોડાસા બેઠક પરથી ભીખુસિંહ પરમારને ટિકિટ આપી હતી, જો કે ૧૬૪૦ વોટના અંતરે હારી ગયા હતા. આ પછી ભાજપે ફરી ભીખુસિંહને જ ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં મોડાસા બેઠક પરથી ટિકિટ આપી હતી. આ વખતે તેઓ જીતીને ૨૭ વર્ષની રાજકીય સફરમાં પ્રથમ વખત ધારાસભ્ય બન્યા હતા.

હાલ ભીખુસિંહ પરમાર ગુજરાત સરકારમાં કેબિનેટમાં રાજ્ય કક્ષાના મંત્રી અને અન્ન નાગરિક પુરવઠા વિભાગની જવાબદારી સંભાળી રહ્યા છે.ભીખુસિંહ પરમારે જેટલો રાજકારણમાં સંઘર્ષ કર્યો છે એટલો જ સંઘર્ષ જીવનમાં પણ કર્યો છે. ગુજરાત એસટી વિભાગમાં હેલ્પર તરીકે નોકરી કરી હતી. જેમાં તેમણે સાફ સફાઈ કરવાની કામગીરી પણ કરી હતી. ત્રણ વર્ષ સુધી નોકરી કર્યા બાદ તેમણે હેલ્પર તરીકેની નોકરી છોડી દીધી હતી. આ ઉપરાંત તેમણે આરોગ્ય વિભાગમાં પણ દવા છંટકાવ કરવા હંગામી ધોરણે કામ કર્યું હતું

# ૨૩મી જૂને પોલિયો રવિવાર

# ૧.૬૯ લાખ બાળકોને પોલિયો વિરોધી રસી અપાશે

## ૯૨૫ રસીકરણ બુથ ઉપર ૧,૭૨૨ ટીમો, ૧૮૫ મોબાઈલ ટીમો સજ્જ રહેશે

રાજકોટ.તા.૨૦

વિશ્વમાં આજે પણ અનેક રોગો લોકજીવનને મોટાપાયે ગ્રસિત કરી બેઠાં છે. સામાન્ય રીતે બાળકના જન્મ સાથે જ અનેક રોગોથી બચાવવા માટે રસીકરણ દ્વારા તેને આપણે સુરક્ષિત કરીએ છીએ. જન્મતાં જ બી.સી.જી.ની રસીથી લઈ નૂરબીબી, ઓરી,અછબડા, મગજના તાવ, ગંભીર લીલા ઝાડ અને ન્યુમોનિયાની રસી જેવા બાળકોના જીવના દુશ્મન જેવા તમામ રોગની રસી પણ સરકાર નિશુલ્ક પૂરી પાડે છે ત્યારે આ રસીઓમાં પોલિયોની રસીની ઝુંબેશને કેમ ભૂલી શકાય? આગામી ૨૩ જૂનના રાજકોટમા પોલિયો રવિવારે ૧.૬૯ બાળકોને પોલિયોની રસી આપવામાં આવશે.

મોટાભાગના લોકોમાં તેના કોઈ આગોતરા લક્ષણો જોવા મળતા નથી પરંતુ, કેટલાક લોકો લકવાગ્રસ્ત થઈ જાય છે. રસીઓ પહેલા હજારો લોકો આ રોગચાળો ફાટી નીકળતાં લકવાગ્રસ્ત થતાં હતા. આજે જંગલી પોલિયો વાયરસ પ્રકાર-૨ અને ૩



નાબૂદ થઈ ગયા છે પરંતુ, પ્રકાર-૧ હજુ પણ વિશ્વના કેટલાક ભાગોમાં અસ્તિત્વ ધરાવે છે. પોલિયોને રોકવા માટે રસીકરણ એ જ શ્રેષ્ઠ માર્ગ છે. પોલિયોનો કોઈ ઈલાજ નથી. સ્વચ્છતાનો અભાવ આ વાયરસને જન્મ આપે છે. જે સંક્રમિત પાણી, ખોરાક કે વ્યક્તિના ચેપ લાગવાથી ફેલાય છે. પોલિયો વાયરસ તમારા મોં કે નાક દ્વારા શરીરમાં પ્રવેશ કરે છે. ગળા અને આંતરડામાં ફેલાય છે. કેટલાક કિસ્સાઓમાં, તે મગજ અને કરોડરજ્જુમાં પ્રવેશ કરે છે અને લકવાનું કારણ બને છે. લકવો હાથ, પગ અથવા શ્વાસને નિયંત્રિત કરતા સ્નાયુઓને અસર કરી શકે છે.

પુખ્ત વયના લોકોને પણ પોલિયો થઈ શકે છે. જે પુખ્ત વયના લોકોને અગાઉ રસી આપવામાં આવી નથી તેઓ પોલિયો વાયરસના સંપર્કમાં આવે તો તેમને પોલિયો થઈ શકે છે. આજે પણ વિશ્વના કેટલાક ભાગોમાં પોલિયોના કેસ છે. જ્યારે અસરગ્રસ્ત લોકોની સંખ્યામાં ઘણો ઘટાડો થયો છે, ત્યારે પોલિયોને નાબૂદ કરવાના આંતરરાષ્ટ્રીય પ્રયાસો હજુ પણ ચાલુ છે. આજે વિશ્વમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં પોલિયોના કેસ જોવા મળ્યા છે. ત્યારે આપણા પાડોશી દેશોમાં તેના કેસ જોવા મળતા આપણને ગાફેલ રહેવુ ન પાલવે. વિશ્વના ઘણા ભાગોમાં લક્ષણો સાથેનો પોલિયો હવે જોવા મળતો નથી. વિશ્વવ્યાપી રસીકરણ કાર્યક્રમોને કારણે મોટાભાગના દેશોમાં પોલિયો નાબૂદ માનવામાં આવે છે. પોલીયો હવે તે વિસ્તારમાં ફેલાતો નથી પરંતુ જ્યારે લોકો રસી લેવાનું બંધ કરે છે ત્યારે પોલિયો ફરીથી ફેલાવવાનું શરૂ કરી શકે છે. આ માટે સમયાંતરે પોલિયો ઝુંબેશ દ્વારા સમૂહ રસીકરણ અભિયાન ચલાવવામાં આવે છે.

આગામી તા.૨૩ જૂનના રોજ રાજકોટ જિલ્લામાં બાળ લકવા નાબુદી અભિયાન અંતર્ગત પોલિયો રવિવારના દિવસે ૧,૬૯,૯૮૨ બાળકોને પોલિયો વિરોધી રસી આપવામાં આવશે.

# ધુમાડા ઓકતી ડિઝલ બસના યુગનો અંત આજે નવી બાવન સીટી બસનુ લોકાર્પણ

રાજકોટ, તા. ૧૯

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા શહેરી પરિવહન માટેની સીટી બસ સેવા પ્રદુષણ રહિત બનાવવાનો પ્રોજેક્ટ આગળ વધારવામાં આવ્યો છે. હાલ કોર્પો. દ્વારા ઇલે. અને ડિઝલ બસ શહેરમાં મુસાફરો માટે દોડાવવામાં આવે છે ત્યારે મહાનગરને મળી ગયેલી નવી બાવન પૈકી દસ સીએનજી બસનું લોકાર્પણ લોકસભાના નવા સાંસદ પરસોતમભાઇ રૂપાલાના હસ્તે રાખવામાં આવ્યું છે. આ સાથે જ ડિઝલ બસો અને પ્રદુષણ ઓકતા પરિવહનનો યુગ પૂરો થઇ રહ્યો છે. મહાનગરમાં હવે ૬૫ ઇલે. અને ૫૨ ગેસ આધારીત સીટી બસ દોડશે. આ બાદના તબક્કામાં વધુ ૪૮ સીએનજી બસ ભવિષ્યમાં મળવાની છે. શહેરમાં આ નવી સીએનજી બસ શુક્રવારથી દોડતી થઇ જશે અને તમામ ડિઝલ બસો પરત ખેંચી લેવામાં આવશે. મનપાને પ્રતિ કિ.મી. સીએનજી બસમાં રૂા. ૧૮ અને ઇલે.બસમાં રૂા.30ની સહાય સરકાર આપે છે. પરંતુ ડિઝલ બસમાં આવી કોઇ ગ્રાન્ટ મળતી ન હતી. કોર્પો.ની રાજકોટ રાજપથ લિ. દ્વારા સંચાલિત જાહેર પરિવહનની સેવા હેઠળ બી.આર.ટી.એસ. તથા સિટી બસ સેવા ચલાવવામાં આવે છે જેમાં હાલ ૫૨(બાવન) ડીઝલ ફ્યુઅલ સંચાલિત તેમજ ૬૫ ઇલેક્ટ્રિક બસ(૨૦ બી.આર.ટી.એસ. રૂટ પર તથા શહેરમાં ૪૫) ચલાવવામાં આવે છે. શહેરમાં કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવાના ભાગરૂપે હાલમાં કાર્યરત ડીઝલ ફ્યુઅલ સંચાલિત બસના સ્થાને નવી સી.એન.જી. ફ્યુઅલ સંચાલિત બસ શરૂ કરવાનો નિર્ણય કરાયો છે.

જે અંતર્ગત શહેરી બસ સેવા માટે ૧૦૦ નોન એ.સી. સી.એન.જી. મીડી બસ (ડ્રાઈવર તથા કંડકટર સહિત)ના પ્રોક્યોરમેન્ટ તથા ગ્રોસકોસ્ટ મોડલથી સપ્લાય કરવા એજન્સીને કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે. આ કામની એજન્સીને ગ્રોસ કોસ્ટ મોડેલથી ડ્રાઈવર, કંધડકટર, ફ્યુલ, ઓપરેશન તથા મેઈનટેનન્સ સાથે આઠ વર્ષ ચલાવવા માટે ૧૦૦ સી.એન.જી. ફ્યુઅલ સંચાલિત બસ શરૂ જણાવેલ છે.

પ્રથમ તબક્કામાં શહેરમાં હાલમાં કાર્યરત બાવન ડીઝલ ફ્યુઅલ સંચાલિત બસના સ્થાને નવી બાવન સી.એન.જી. ફ્યુઅલ સંચાલિત બસ શરૂ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમનું નિમંત્રણ પાઠવતાં સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર અને કમિશનર દેવાંગ દેસાઇએ જણાવ્યું હતું કે આ નવી બાવન સી.એન.જી. ફ્યુઅલ સંચાલિત બસ પૈકી ટોકન સ્વરૂપે દસ બસનું લોકાર્પણ આવતીકાલે તા.૨૦ના સાંજે ૬૧૫ કલાકે મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતેથી રાજકોટના સાંસદ પરસોતમભાઇ રૂપાલાના હસ્તે કરવામાં આવશે. આ લોકાર્પણ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કાર્યકારી મેયર નરેન્દ્રસિંહ જાડેજા ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયા, સાંસદ રામભાઇ મોકરીયા, ભાજપ પ્રમુખ મુકેશભાઇ દોશી, ધારાસભ્ય ઉદયભાઇ કાનગડ, ડો.દર્શિતા શાહ, રમેશભાઇ ટીલાળા, પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઇ બોઘરા, મંત્રી બિનાબેન આચાર્ય, મહામંત્રી અશ્વિનભાઇ મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા અને ડો.માધવ દવે, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઇ રાડીયા, કોર્પોરેટરો, અધિકારીઓ હાજર રહેશે.

# આનંદનગરની માફક અમને પણ રિનોવેશનની છૂટ આપો હાઉસીંગ બોર્ડ કવાર્ટર રહીશોની ધારાસભ્યને રજૂઆત




રાજકોટ તા.૨૦

દુધસાગર રોડ પર ગુજરાત હાઉસીંગ બોર્ડના જર્જરીત કવાર્ટરોને ખાલી કરાવવા પાલિકા તંત્રએ દિન-૨ની મુદ્દત આપી લાઈટ, નળ જોડાણ કાપી નાખ્યા બાદ આનંદનગરમાં ગુ.હા. બોર્ડના કવાર્ટર જર્જરીત હાલતમાં હોવાથી પાલિકા તંત્રએ ૧૦૦ કવાર્ટરને નોટીસ આપી નળ, લાઈટ કટ્ટ કર્યા બાદ ઉગ્ર વિરોધ અને તે વિસ્તારના ધારાસભ્યની મદદથી પાલિકાએ ફરી નળ-વીજળી જોડાણ શરૂ કરાવી રિનોવેશન સમય પણ આપી દેતા રહીશોને રાહત થઈ હતી. બીજી તરફ એકને ગોળ બીજાને ખોળની જેમ દુધસાગર હાઉસીંગ બોર્ડ કવાર્ટરના રહીશોને નળ વીજળી પરત નહીં આપતા આજે આ વિસ્તારના રહીશો પ્રથમ પોતાના વિસ્તારના ધારાસભ્ય ઉદય કાનગડના કાર્યાલયે જતા ધારાસભ્ય નહીં મળતા ડેલે હાથ ધઈ પરત ફર્યા હતા.

## પૂર્ણ બજેટ રજુ કરતા પૂર્વે જ સરકારને આર્થિક મોરચે મોટી રાહત

# અર્થતંત્રને બુસ્ટર ડોઝ એડવાન્સ ટેકસ કલેકશનમાં ૨૭.૬ ટકાનો વધારો

### ૧૫ જુન સુધીમાં એડવાન્સ ટેકસ કલેકશન ૧.૪૮ લાખ કરોડે પહોંચ્યુંકુલ આવકવેરા વસુલાત ૪.૬૨ લાખ કરોડ




નવી દિલ્હી,તા.૧૮

ભારતીય આર્થિક વિકાસના વિશ્વભરમાં ડંકા વાગી રહ્યા છે ત્યારે અર્થતંત્રને વધુ એક બુસ્ટર ડોઝ મળ્યો છે. ૧૫મી જુનની સ્થિતિએ, એડવાન્સ ટેકસ કલેકશનમાં ૨૭.૬ ટકાનો મોટો વધારો થયો છે અને વસુલાત ૧.૪૮ લાખ કરોડે પહોંચી છે. જે અર્થતંત્રમાં ધમધમાટ તથા કોર્પોરેટ પરફોમન્સ સ્ટ્રોંગ હોવાનું સુચવે છે. એડવાન્સ ટેકસની વસુલાતમાં ૧.૧૪ લાખ કરોડનો હિસ્સો કોર્પોરેટ ટેકસ તથા ૩૪૩૬૨ કરોડ વ્યકિતગત આવકવેરા પેટે મળ્યા હતા.

ગત વર્ષે એપ્રિલથી ૧૫ જુનમાં એડવાન્સ ટેકસની વસુલાત ૧.૧૬ લાખ કરોડ હતી તેમાંથી ૧૨૧૭૨ કરોડ કોર્પોરેટ તથા ૨૬૫૧૩ કરોડ વ્યકિતગત ટેકસ પેટે મળ્યા હતા.

કરવેરા વિભાગનાં સુત્રોએ કહ્યું કે ૧૫ જુને રાત્રે ૧૧ વાગ્યા સુધીનાં એડવાન્સ ટેકસના આંકડા હતા બેંકો તરફથી પર્યાપ્ત માહીતી મોકલવામાં આવ્યા બાદ આંકડામાં હજુ વધારો શકય છે.

એડવાન્સ ટેકસ કલેકશનમાં વૃદ્ધિ, સાથે ૧ એપ્રિલથી ૧૫ જુન સુધીની કુલ આવકવેરા વસુલાત પણ વાર્ષિક ધોરણે ૨૧.૮ ટકાના વધારા સાથે ૪.૬૨ લાખ કરોડે પહોંચી હતી.

અર્થશાસ્ત્રીઓના કહેવા પ્રમાણે કરવેરા વસુલાતમાં વૃધ્ધિને પગલે આગામી મહિને રજુ થનારા પૂર્ણ બજેટ પૂર્વે પ્રવાહીતાની સ્થિતિ સરળ બને તેમ છે. ૧૫ જુન સુધીમાં ઈન્કમટેકસ દ્વારા ૫૩૦૪૦ કરોડના રીફંડ ચુકવાયા હતા. તે આગલા વર્ષે ૪૯૩૯૦ કરોડના રીફંડ ચુકવાયા હતા. ૨૦૨૩-૨૪ ના સમગ્ર નાણાકીય વર્ષમાં આવકવેરાની કુલ વસુલાત ૧૯.૬ લાખ કરોડ હતી જે આગલા નાણાંકીય વર્ષની સરખામણીએ ૧૭.૧ ટકા વધુ હોવાનું ઉલ્લેખનીય છે.

## આગામી બજેટમાં કરદાતાઓને રાહત મળશે આવકવેરામાં ઘટાડો થવાની સંભાવના

જુલાઈના બીજા પખવાડીયામાં જાહેર થનાર પુરક આમ બજેટમાં આવકવેરા દાતાઓને મોટી રાહત મળવાની સંભાવના છે એવું જણાવવામાં આવી રહ્યું છે કે નીતિ નિર્માતા હાલના આવકવેરા માળખાને યુક્તિસંગત બનાવવા માટે આવકવેરા દરોમાં કપાત કરી શકે છે.

કુંકવા માટે આવનારા બજેટમાં સારવાર ઈન્કમટેકસને લઈને મોટું એલાન કરી શકે છે. આ પગલું દેશમાં સુસ્ત પડેલ વપરાશ પ્રોત્સાહન આપવાના ઉદેશથી ઉઠાવવામાં આવશે. આ રિપોર્ટમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે, આ યોજના અંતર્ગત ઓછી આવકવાળા કરદાતાઓને વધુ કરમુક્તિ આપવામાં આવી શકે છે. આશા રાખવામાં આવી રહી છે કે ભાજપના નેતૃત્વવાળા રાષ્ટ્રીય જનતાંત્રીક સંગઠન (એનડીએ)ની નવી રચાયેલી સરકાર દ્વારા જુલાઈના ત્રીજા વીક સુધી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે પૂર્ણ બજેટ રજુ કરવાની સંભાવના છે. બે અધિકારીઓએ જણાવ્યું હતું કે સરકાર ઓછી આવકવાળા માટે આવકવેરાના દરમાં કપાતને અન્ય આકર્ષક યોજનાઓ અને અધિક કલ્યાણકારી વ્યય પર પ્રાથમીકતા દઈ શકે છે. અધિકારીઓએ કહ્યું હતું કે કપાતથી લોકોના હાથમાં વધુને વધુ રકમ આવશે, જેના પરિણામે વપરાશમાં વધારો થશે અને આર્થિક ગતિવિધિઓને પ્રોત્સાહન મળશે.

# ૨૧મી જૂને ૧૦મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ બનાસકાંઠાના સરહદી ગામ નડાબેટમાં યોજાશે

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી બેઠકે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીને આખરી ઓપ આપ્યો

રાજકોટ.તા.૧૯

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આગામી ૨૧મી જૂને યોજાનારા ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યમાં ઉજવણીના આયોજનને ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં આખરી ઓપ આપ્યો હતો. ગુજરાતમાં આ વર્ષના આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો મુખ્ય કાર્યક્રમ બનાસકાંઠાના સરહદી ગામ અને સીમાદર્શન માટે સુપ્રસિદ્ધ નડાબેટ ખાતે યોજાવાનો છે. રાજ્ય સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને બોર્ડર સિક્યોરિટી ફોર્સ - ના સહયોગથી આ રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ૨૦૧૪માં યુનાઈટેડ નેશન્સ દ્વારા ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કરવામાં આવ્યો છે અને ૨૦૧૫ થી આ દિવસ વિશ્વના દેશોમાં ઉજવાય છે. દર વર્ષે ૨૧મી જૂને વ્યાપક લોક ભાગીદારીથી વિવિધ વિષયવસ્તુ સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવે છે. તદઅનુસાર, ૨૦૨૪નો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સ્વયં અને સમાજ માટે યોગ વિષયવસ્તુ સાથે યોજવાનો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં અંદાજે સવા કરોડ લોકોની સહભાગીતાથી આ યોગ દિવસને ભવ્ય સફળતા અપાવવાના આયોજનની તલસ્પર્શી સમીક્ષા કરી હતી. રમત-ગમત રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, યોગ બોર્ડના અધ્યક્ષ શ્રી શીશપાલજી તથા મુખ્ય સચિવ શ્રી રાજકુમાર અને રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો આ બેઠકમાં જોડાયા હતા.મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ બેઠકમાં યોગ દિવસના આયોજન અંગેનું પ્રેઝન્ટેશન પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. રમત-ગમત અગ્ર સચિવ શ્રી અશ્વિનીકુમારે આ પ્રેઝન્ટેશનમાં જણાવ્યું કે, ૨૧મી જૂને સવારે ૦૭૦૦ થી ૦૭૪૫ સુધી એટલે કે ૪૫ મિનિટ સવા કરોડ લોકો સામાન્ય યોગ પ્રોટોકોલ તાલીમમાં ભાગ લેશે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી તથા રમત-ગમત રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી નડાબેટમાં યોજાનારા મુખ્ય કાર્યક્રમમાં જોડાવાના છે. મંત્રીમંડળના મંત્રીશ્રીઓ અને પદાધિકારીઓ રાજ્યના વિવિધ સ્થળે સહભાગી થશે. રાજ્યભરમાં ૮ મહાનગરપાલિકાઓ, ૩૨ જિલ્લાઓ તથા ૨૫૧ તાલુકા, ૨૦ નગરપાલિકા એમ કુલ ૩૧૨ મુખ્ય સ્થળોએ આ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ ઉપરાંત ગ્રામ પંચાયત સ્તરથી લઈને મહાનગરપાલિકાના વોર્ડ કક્ષા સુધી, શાળા, કોલેજ, આઈ.ટી.આઈ., જેલ, પોલીસ, આરોગ્ય સેવા જેવા વિભાગો અને યોગપ્રેમી નાગરિકોની ભાગીદારી સાથે આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસે સમગ્ર ગુજરાત યોગમય બનશે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સવારે ૦૬૩૦ કલાકે તેમજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સવારે ૦૬૪૦ કલાકે આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં પ્રેરક સંબોધન કરશે અને તેનું સમગ્ર રાજ્યમાં જીવંત પ્રસારણ પણ કરવામાં આવશે.આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૪ની ઉજવણી માટે લોકોમાં ઉત્સાહ પ્રેરિત કરવા માટે માર્ચ-૨૦૨૪ થી ૧૦૦ દિવસ કાઉન્ટ ડાઉન કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.અગ્ર સચિવ શ્રી અશ્વિનીકુમારે આ કાર્યક્રમની છણાવટ કરતા કહ્યું કે, કાઉન્ટ ડાઉન કાર્યક્રમો અન્વયે યોગોત્સવ-૨૦૨૪ થીમ સાથે ૧૦૦ થી વધુ કાર્યક્રમો યોજીને કોમન યોગ પ્રોટોકોલ શિબિરોનું આયોજન થયું હતું. અત્યાર સુધીમાં અઢી લાખથી વધુ લોકોએ તેમાં ભાગ લીધો છે એમ તેમણે ઉમેર્યું હતું.

# જેતપુર શ્રી પરશુરામ સેના દ્વારા પાઠયપુસ્તક વિતરણ અને વિદ્યાર્થી સત્કાર સમારોહ યોજાયો



સૌરાષ્ટ્ર કચ્છમાં સમસ્ત બ્રહ્મસમાજ સેવાકીય પ્રવૃત્તિઓ સૌરાષ્ટ્ર-કચ્છના ગામોગામ તેમજ શહેરોમાં યજ્ઞ, હવન, બ્લડ ડોનેશન કેમ્પ, વિદ્યાર્થીઓમાં શિક્ષણનું મહત્વ વધે તે માટે શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે અને વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ સુધી આગળ વધે અને કુટુંબ, સમાજ અને દેશનું નામ રોશન કરે તેવા આશયથી જેતપુર શ્રી પરશુરામ સેના દ્વારા તા. ૯ જુન રવિવારના રોજ લોહાણા સમાજની વાડી જેતપુર ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું જેમાં રાજકોટ ભાજપ કાર્યાલય મંત્રીશ્રી હરેશભાઈ જોષી ખાસ ઉપસ્થિત રહી અને તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ અર્પણ કરી સન્માનિત કરેલ અને આવેલ વિદ્યાર્થીઓને પાઠય પુસ્તકનું વિતરણ કરી વિદ્યાર્થીઓને આર્થિક મદદરૂપ થવાનો એક ભગીરથ પ્રયાસ કરવામાં આવેલ.

આ તકે જેતપુર શ્રી પરશુરામ સેના પ્રમુખશ્રી હિતેષભાઈ જોષી, અશોકભાઈ ઠાકર, શૈલેષભાઈ જોષી, સુરેશભાઈ પંડયા, સુરેશભાઈ મહેતા, ધનશ્યામભાઈ જોષી, દિલીપભાઈ જોષી, રાજુભાઈ મહેતા, ધર્મેશભાઈ કનૈયા, સંદીપભાઈ જાની, તરૂણભાઈ જોષી, વિનુભાઈ ઠાકર, સંજયભાઈ દવે, મનુભાઈ મહેતા, નિલેશભાઈ પંડયા, ધર્મેશભાઈ વ્યાસ સહિતના સભ્યોએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કોઠારીયામાં 200 મકાનોને તોડી પાડવા નોટીસ ફટકારતા વિરોધ કલેકટર કચેરીમાં લોકોના ટોળા ઉમટયા





રાજકોટ,તા.૨૦

રાજકોટના કોઠારીયામાં સર્વે નં.૩૫૨ની સરકારી જમીન ઉપર ખડકાયેલા ૨૦૦ જેટલા મકાનોને તોડી પાડવા માટે નોટીસ ફટકારાતા આ વિસ્તારના લોકોના ટોળેટોળા આજે જીલ્લા કલેકટર કચેરી ખાતે ઉમટી પડી આ મામલે અધિક કલેકટર ચેતન ગાંધીને આવેદન પત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરી હતી.આ વિસ્તારના અસરગ્રસ્તોએ હૈયાવરાળ ઠાલવતા આ અંગે જણાવ્યું હતું કે કોઠારીયાની સર્વે નં.૩૫૨ની સરકારી ખરાબાની આ જમીન ઉપર કેટલાક રાજકીય આગેવાનોએ કબ્જો જમાવેલ છે. આ રાજકીય આગેવાનો આ સરકારી જમીન ઉપર બિલ્ડીંગો બનાવી વેંચી રહ્યા છે.

વગદારોના સરકારી જમીન પરના આ દબાણો પહેલા હટાવવામાં આવે તેવી તેઓએ માંગણી ઉઠાવી જણાવ્યું હતું કે વગદારો દ્વારા અનઅધિકૃત રીતે ખડકાયેલા મકાનો, કારખાનાઓ, હટાવાય તો તેઓ સ્વૈચ્છાએ આ જમીન ખાલી આપશે.

વૈકલ્પીક વ્યવસ્થા રૂપે તેઓને મ્યુ.કોર્પો.ના કવાર્ટર ફાળવવાની માંગણી પણ અસરગ્રસ્ત લોકોએ દોહરાવી જણાવ્યું હતું કે તેઓની આ માંગણી જો વહીવટી તંત્ર દ્વારા સંતોષવામાં નહીં આવે તો તેઓ હાઈકોર્ટના પણ દ્વાર ખટખટાવશે.રાજકોટ શહેર મહિલા કોંગ્રેસના પ્રમુખ દીપ્તીબેન સોલંકી, કોંગ્રેસના આગેવાન જશવંતસિંહ ભટ્ટી, રણજીત મુંધવા, રાજેશ આમરણીયા સહિતના કોંગ્રેસના આગેવાનો અસરગ્રસ્તો સાથે આ રજૂઆતમાં જોડાયા હતા.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, કોઠારીયાની આ સરકારી ખરાબાની જમીન ઉપર વર્ષોથી તેઓ કાચા મકાનો બનાવી વસવાટ કરી રહ્યા છે. તેઓને આ જગ્યા ખાલી કરવા માટે હવે તંત્ર દ્વારા નોટીસ ફટકારવામાં આવી છે.

જયારે વગદારોએ પણ આ સૂચીત જગ્યામાં ખડકી દીધા છે તે તંત્રના ધ્યાને હજુ સુધી કેમ આવેલ નથી. તેઓ પ્રશ્ન પણ અસરગ્રસ્તોએ ઉઠાવી જણાવ્યું હતું કે તેઓને સરકારની કાયદાકીય જોગવાઈ મુજબ ૧૦૦ ચો.વા.ના પ્લોટ ફાળવવામાં આવે તે આવશ્યક છે. પરંતુ કાયદો ફકત ગરીબ લોકોને જ લાગુ પડાય છે તેવો તાલ સર્જાયેલ છે. વગદારોના દબાણ સામે વહીવટી તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. આ વગદારોના દબાણો તંત્રની મીલીભગતથી ઉભા છે. જો વગદારોના આ દબાણો હટાવવામાં નહીં આવે તો તેઓ ન્યાય મેળવવા માટે કાનૂની લડતના મંડાણ કરશે. અસરગ્રસ્તોએ સૂત્રોચ્ચાર સાથે તેઓના મકાનોને ડીમોલેશન નહીં કરવા રજૂઆત કરી હતી.

### કાલથી નવુ વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ સર્જાશે હીટવેવમાં રાહત મળશે

# 30 જૂન સુધીમાં ગુજરાતના મોટાભાગના જિલ્લામાં મેઘરાજાની પધરામણી થશે

### સવારે વલસાડમાં ધોધમાર અમરેલી, ગીરસોમનાથ, ભરૂચ, નવસારી જિલ્લામાં ધીમી ધારે વરસાદ

નવી દિલ્હી તા.૧૯

કાળઝાળ ગરમી સામે ઝઝૂમતાં ઉત્તર ભારતને ટૂંક સમયમાં ગરમીથી રાહત મળી શકે છે. ગુરુવારથી એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ઉત્તર પશ્ચિમ ભારત તરફ આગળ વધે તેવી શક્યતા છે. જેના કારણે ગરમીની તીવ્રતા ધીમી રીતે ઘટે તેવી શક્યતા છે.

હવામાન વિભાગે કહ્યું કે ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઝારખંડ અને બિહારના મોટાભાગના વિસ્તારોમાં ભલે લૂ ફૂંકાશે પણ ધીમે ધીમે ગરમીની તીવ્રતા ઘટી જશે.

જ્યારે જમ્મુ-કાશ્મીર, ઉત્તર તટીય આંધ્ર પ્રદેશ, ઉત્તર મધ્ય પ્રદેશ અને ઉત્તર રાજસ્થાનમાં લૂની તીવ્રતા એકદમ ઘટી જશે. જોકે બીજી બાજુ પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં થોડા દિવસો સુધી રાત્રે પણ ગરમી અનુભવાતી રહેશે.

મે મહિનાની આખરમાં કેરળ પહોંચેલી નૈઋત્યનું ચોમાસું ધીમી ગતિએ આગળ વધીને દક્ષિણ ગુજરાત સુધી પહોંચી ગયું છે. જો કે દક્ષિણ ગુજરાતના દરિયા કાંઠે પહોંચતા જ ચોમાસું નબળું પડતાં આગળ નથી વધી રહ્યું. જેના કારણે અડધો જૂન મહિનો પતવા આવ્યો હોવા છતાં ચોમાસું જામ્યુ નથી. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ક્યાંક ધોધમાર તો ક્યાંક છૂટાછવાયા વરસાદી ઝાપટા પડી રહ્યાં છે. એવામાં જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે આગામી દિવસોમાં વરસાદને લઈને મોટી આગાહી કરી છે.

અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ, આગામી ૨૩ જૂન સુધી દક્ષિણ ભારતમાં ભારે વરસાદ રહેશે. જેમાં કેરળના કાંઠેથી કર્ણાટક અને મહારાષ્ટ્ર સુધી ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે. જે બાદ ૨૪ જૂનથી દક્ષિણ ગુજરાતના ભાગોમાં ભારે વરસાદની શક્યતા છે.



30 વર્ષીય યુવતીએ આરોપી તરીકે હરેશ સોંદરવા અને અમરશી સોંદરવાના નામ આપતા બંને શખ્સોની શોધખોળ

# શાપરમાં બે સગા ભાઈએ યુવતી પર દુષ્કર્મ આચર્યું

## એક ભાઈએ દુષ્કર્મ કર્યાં પછી, બીજા ભાઈએ લગ્નનું વચન આપી બાદમાં બીજે લગ્ન કરી લીધા શાપર પોલીસે ગુનો નોંધ્યો

રાજકોટ, તા.૨૦

શાપરમાં બે સગા ભાઈએ યુવતી પર દુષ્કર્મ આચર્યું હોવાનો કિસ્સો સામે આવતા ખળભળાટ મચી ગયો છે. એક ભાઈએ દુષ્કર્મ કર્યાં પછી, બીજા ભાઈએ લગ્નનું વચન આપી બાદમાં બીજી યુવતી સાથે લગ્ન કરી લીધા હતા. શાપર પોલીસે ગુનો નોંધ્યો હતો. 30 વર્ષીય યુવતીએ આરોપી તરીકે હરેશ સોંદરવા અને અમરશી સોંદરવાના નામ આપતા બંને શખ્સોની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

બનાવની પોલીસ સુત્રો તરફથી મળતી વિગત મુજબ શાપર પોલીસ મથકે 30 વર્ષીય ભોગ બનનાર યુવતીએ આરોપી તરીકે હરેશ દેવજી સોંદરવા અને અમરશી દેવજી સોંદરવાનું નામ આપી ફરિયાદ નોંધાવી હતી. યુવતીની ફરિયાદ મુજબ આશરે ચારેક વર્ષ પહેલા યુવતી સાથે અમરશીએ બળજબરી કરી દુષ્કર્મ આચર્યુ હતું. જેથી યુવતીએ ઝેરી દવા પી લીધી હતી.

પણ યુવતીનો જીવ બચી ગયો હતો. આપઘાત પ્રયાસની વાત યુવતી અને આરોપી બંનેના પરિવારને થઈ હતી. જે તે સમયે યુવતી કાયદેસર કાર્યવાહી કરશી તેમ લાગતા અમરશીના ભાઈ હરેશે તે સમયે યુવતીને ફોસલાવી હું તારી સાથે લગ્ન કરી લઈશ તેવો કરાર કર્યો હતો એટલે યુવતીએ અમશી વિરૂદ્ધ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

જે પછી હરેશ અને યુવતી બંને એક જ મકાનમાં રહેવા લાગ્યા હતા. લીવ-ઈન દરમિયાન યુવતીએ અનેક વખત હરેશને લગ્ન કરી લેવા પ્રસ્તાવ મુકેલા પણ હરેશે દર વખતે અલગ-અલગ બહાના બનાવ્યા હતા. દરમિયાન હરેશે અનેક વખત યુવતી સાથે શરીર સંબંધ બાંધેલ હતા. આ પછી દર વખતે હરેશ બહાના બનાવતો હોય પણ લગ્ન ન કરતો હોય બંને વચ્ચે આ બાબતે ઝઘડા થયા બાદ મતભેદ થયો હતો. આ પછી તાજેતરમાં જ હરેશે બીજી કોઈ યુવતી સાથે લગ્ન કરી લેતા ભોગ બનનાર શાપર પોલીસ મથકે પહોંચી હતી અને બંને ભાઈઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.




# રાજકોટ ગ્રામ્યના લેન્ડગ્રેબીંગના ત્રણ કેસમાં FIR દાખલ કરવા આદેશ

## ૬૯માંથી માત્ર ૧૩ કેસોમાં સમાધાન અન્ય બેમાં ફેરતપાસનો હુકમ

રાજકોટ તા.૨૦

રાજકોટ કલેકટર કચેરી ખાતે ગઈકાલે કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને યોજાયેલ લેન્ડગ્રેબીંગ કમીટીની ખાસ બેઠકમાં ત્રણ કેસોમાં પોલીસ ફરિયાદ (એફ.આઈ.આર.) દાખલ કરવા આદેશ આપવામાં આવેલ છે.

આ ત્રણેય કેસો રાજકોટના ગ્રામ્ય વિસ્તારના અને ખાનગી જમીનો પર પેશકદમી વાળા હોવાનું જાણવા મળ્યું છે. લેન્ડગ્રેબીંગ કમીટીની આ બેઠકમાં ૬૯ જેટલા કેસો હિયરીંગમાં મુકવામાં આવેલ હતા જેમાંથી ૧૩ કેસોમાં સમાધાન થવા પામેલ હતું.

વધુ તપાસની જરૂર જણાતા અન્ય બે કેસમાં ફેર તપાસનો હુકમ કરવામાં આવેલ હતો જયારે બાકીના કેસો દફતરે કરવામાં આવેલ હતા.

આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા જયપાલસિંહ રાઠોડ, પ્રાંત અધિકારીઓ, ડે.કલેકટરો સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અહી એ ઉલ્લેખનીય છે કે જિલ્લાના લેન્ડગ્રેબીંગના મોટાભાગના કેસોનો લેન્ડગ્રેબીંગ કમીટી દ્વારા નિકાલ કરી દેવામાં આવેલ છે.

# રાજકોટઃ ફરી બે દિવસ માટે આર.ટી.ઓ.નું સર્વર બંધ રહેશે

## ફોરવ્હીલરનો ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકપણ બંધ અસંખ્ય વાહન ધારકો પરેશાન



રાજકોટ,તા.૨૦

પુરવઠાનાં સર્વરની જેમ જ વારંવાર ઠપ્પ થઈ જતુ રાજયનું આર.ટી.ઓનું સર્વર પણ ગમ્મે ત્યારે, દગો દે છે.ખાસ કરીને જુદા-જુદા ટેકનિકલ બ્હાના હેઠળ વારંવાર બંધ કરી દેવાતુ આર.ટી.ઓ.નું સર્વર ગઈકાલે એક દિવસ માટે બંધ રાખવાની જાહેરાત કરાઈ હતી.તેમાં ફરી બે દિવસનો વધારો કરી દેવાતા અસંખ્ય વાહન ધારકોમાં દેકારો જાગ્યો છે. ટેકનિકલ બ્હાનાહેઠળ રાજકોટ આર.ટી.ઓ. કચેરીનો ડ્રાઈવિંગ ટ્રેક બંધ રખાયા બાદ આજરોજ ફરી આજે અને આવતીકાલે ટ્રેક બંધ રાખવાની જાહેરાત કરાઈ છે.પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી-રાજકોટની એક યાદીમાં જણાવ્યા મુજબ રાજકોટ જિલ્લાની મોટરીંગ પબ્લીકને જણાવવાનું કે આર.ટી.ઓ. રાજકોટ ખાતે કાર્યરત ફોર વ્હીલર માટેનો ઓટોમેટેડ ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક તા. ૧૯/૦૬/૨૦૨૪ અને ૨૦/૦૬/૨૦૨૪ (બુધવાર તેમજ ગુરુવાર) ના રોજ ટેકનીકલ કારણોસર બંધ રહેશે. જયારે ટુ વ્હીલર વાહનોનો ટેસ્ટ ટ્રેક રાબેતા મુજબ ચાલુ રહેશે, આથી આ સમયગાળા દરમિયાન જે અરજદારોશ્રીઓએ ફોર વ્હીલર માટે ટેસ્ટ ટ્રેકની અપોઈન્ટમેન્ટ લીધેલ છે, તેમની અપોઈન્ટમેન્ટ અત્રેની કચેરી દ્વારા રી-શીડયુલ કરી આપવામાં આવેલ છે.

# 15 વર્ષનો સગીર બાઈક લઈ નીકળ્યો, અકસ્માત થતા મોત

■ લોધિકામાં ખેતમજૂરી કરતા પરિવારનો સગીર રાયસીંગ ઘરે કોઈને પૂછ યા વગર જ બાઈક લઈ નીકળી ગયો હતો

રાજકોટ, તા.૨૦

લોધિકામાં ૧૫ વર્ષનો સગીર બાઈક લઈ નીકળ્યો હતો. જેની અકસ્માત થતા મોત નીપજ્યું હતું. ખેતમજૂરી કરતા પરિવારનો સગીર રાયસીંગ ઘરે કોઈને પૂછ્યા વગર જ બાઈક લઈ નીકળી ગયો હતો. બનાવથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

ફરિયાદી વેસ્તાભાઈ ગમીરભાઈ વાસ્કેલા (ઉ.વ.૪૦, રહે હાલ લોધીકા, કોઠા પીપળીયા રોડ, મયુરભાઈ વિનુભાઈ ઘેટીયાની વાડીએ, મુળ રહે. ઉભલડ, જિ.અલી રાજપુર મધ્યપ્રદેશ)એ જણાવ્યું કે, હું ખેતીકામ કરું છું. મારે સંતાનમાં બે દીકરી તથા બે દીકરા છે. જેમાં મૃતક રાયસીંગ ૧૫ વર્ષનો હતો. અમે બધા પરિવારજનો અહીં મયુરભાઈ ઘેટીયાની વાડીએ છેલ્લા ૨૦ વર્ષથી રહીએ છીએ.

તા.૧૭/૬ના રાત્રીના ૧૧ વાગ્યાની આસપાસ હું વાડીએ હતો ત્યારે મારા નાના દીકરા રાયસીંગના મોબાઈલ




ફોનમાંથી મને ફોન આવેલ કહેલ કે, આ તમારો દીકરો રાયસીંગ અહી લોધીકાથી ચાંદલી જતા રોડ પર હનુમાન ધાર પાસે છગનભાઈ કમાણીની વાડી પાસે રોડ પરના ખાંભા(ખુટા) સાથે ભટકાડી બાઈકમાંથી પડી ગયેલ છે.જેથી હું તથા મારા પત્ની ડુન્ડીબેન હનુમાન ધાર પાસે આવતા ત્યા માણસો ઉભેલ હતા અને રોડની નીચે મારો નાનો દીકરો રાયસીંગ પડેલ હતો. તેને માથામાં ગંભીર ઈજા તથા શરીરે નાની મોટી ઈજા થતા બે-ભાન હાલતમાં હતો. તેનું બાઈક રોડની સાઈડમાં પડેલ હતું. આ બાઈક મારા કાકાના દીકરા થાનુ ગ્યાનસિંગ વાસ્કેલાનું હતું. કોઈએ ૧૦૮માં ફોન કરતા એમ્બ્યુલન્સ આવતા રાયસીંગને લોધીકા સરકારી હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખાતે રીફર કરેલ. ત્યાંથી બેકબોન પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ જતા સારવાર દરમિયાન રાયસીંગનું મોત નીપજ્યું હતું.

# વિધર્મીઓના હુમલા બાદ ફરિયાદ ન નોંધાઈ, પોલીસથી નારાજ સાધુ સમાધી લઈ લેશે

■ કુવાડવા રોડ પર, બદ્રીનાથ મહાદેવ મંદિરની જગ્યાના મહંત સૂરજદાસ બાપુ ઉપર ૧૪ દિવસ પહેલા ચાર શખ્સોએ હુમલો કર્યો હતો



રાજકોટ,તા.૨૦

શહેરમાં કુવાડવા રોડ પર ખોડલધામ રેસીડેન્સી પાસે આવેલ સૂરજદાસ ઉદાસી આશ્રમના મહંત પર ચાર વિધર્મીઓએ હુમલો કર્યો હતો.વિધર્મીઓના હુમલા બાદ પોલીસ દ્વારા કોઈ પગલાં લેવામાં ન આવતાં મહંતે સમાધિ લેવાની ચેતવણી આપી છે.

બનાવની વિગત અનુસાર શહેરના મેંગો માર્કેટથી આગળ ખોડલધામ રેસીડેન્સી પાસે આવેલ બદ્રીનાથ મહાદેવના મંદિરનાં પુજારી સુરજદાસ નિરવેરદાસ (ઉ.વ.૮૦) તેઓનાં સૂરજદાસ ઉદાસી આશ્રમમાં બાથરૂમ બનાવવાનું કામ શરુ હતું. જેથી કડિયા કામ કરવા આવતાં માણસો મોડા આવતાં હોય જેથી ગત તા.૪/૬/૨૦૨૪ના રોજ સવારે ચાર લોકો કડિયા કામ કરવા આશ્રમમાં આવ્યાં હતા.

ત્યારે મહંતે કહ્યું કે કામે વહેલા આવતાં જાવ બે દિવસના કામમાં આઠ દિવસ કર્યા કહેતાં સામેવાળા ઉશ્કેરાયા હતાં. અને આ બાબતે બંને વચ્ચે બોલચાલી થઈ હતી. બાદ ચારેય વિધર્મી શખ્સોએ મહંતને ધોકા વડે અને ઢીકાપાટુનો માર માર્યો હતો. બાદ ત્યાંથી નાસી ગયા હતા. પુજારીને ઈજા થયેલ હોય જેથી સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# આધાર કેન્દ્રનું સર્વર ડાઉન થતા કામગીરી અટકી

## ગરમીમાં ફરી અરજદારોની લાઈન લાગી ઓપરેટરોએ પોતાના મોબાઈલમાંથી કામ શરૂ કર્યુ

રાજકોટ, તા.૨૦

રાજકોટ મહાપાલિકામાં આવેલા આધાર કેન્દ્રમાં આજે સવારે ઉપરથી સર્વર ડાઉન થતા લાંબો સમય સુધી અરજદારો હેરાન થયા હતા અને ધીમી ગતિએ કામ ચાલતુ હોવાની ફરિયાદ કરી હતી.

બુધવારે આધાર કાર્ડની કામગીરી માટે લોકો વધુ સંખ્યામાં કચેરીએ પહોંચ્યા હતા. દર બુધવારે આમ પણ ભીડ વધારે હોય છે. આજે સવારથી કામગીરી ન થતા ગરમીમાં નાગરિકો અકળાયા હતા બાદમાં ઉપરથી સર્વર બંધ હોવાના કારણે કામ શરૂ નહીં થયાનું જાણવા મળ્યું હતું. અંતે ઓપરેટરોએ પોતાના મોબાઈલમાંથી કનેકશન જોડીને અરજદારોના કામ કરવાનું શરૂ કર્યુ હતું.

મનપામાં આ રીતે આધાર કાર્ડ સિસ્ટમનું સર્વર ઘણી વખત ઉપરથી ડાઉન થતા લોકોનો સમય બગડતો હોય છે. છતાં ઓપરેટરો પોતાના મોબાઈલમાંથી કામ કરી આપીને અરજદારોનું ગાડુ ગબડાવતા હોય છે. જોકે કામ ધીમુ હોવાના કારણે લોકોનો સમય ઘણો બગડયો હતો.



# પતિ સાથે જમવા બાબતે ઝઘડો થતાં પરિણીતાનો ફાંસો ખાઈ આપઘાત

**કોઠારીયા સોલ્વન્ટમાં શિતળાધારનો બનાવ પરપ્રાંતીય ૨૭ વર્ષીય રાણીબેને પતિ ઘર બહાર જતા જ અંતિમ પગલું ભરી લીધું માસુમ પુત્રી માતા વિહોણી થતા શ્રમિક પરિવારમાં આક્રંદ**

રાજકોટ તા.૨૦

કોઠારીયા સોલ્વન્ટમાં શીતળાધારમાં રહેતી પરિણીતાએ પતિ સાથે જમવા બાબતે ઝઘડો થતા ઉશ્કેરાટમાં આવી વ્હેલી સવારે પોતાના ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા શ્રમિક પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવ અંગે જાણ થતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ કોઠારીયા સોલ્વન્ટમાં શીતળાધારમાં રહેતા રાણીબેન શીવકુમાર ગૌતમ ઉ.૨૭ આજે સવારે પોતાના ઘરે હતા ત્યારે તેમના પતિ કોઈ કામ સબબ બહાર જતા પાછળથી તેણીએ રૂમના એંગલમાં સાડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બાદમાં તેમનો પતિ ઘરે આવતા પત્નીને ફાંસો ખાધેલી હાલતમાં જોતા આક્રંદ મચાવ્યો હતો. બાદમાં ૧૦૮ને જાણ કરતા દોડી આવેલ ૧૦૮ની ટીમે પરણીતાને તપાસી મૃત જાહેર કરી હતી. બનાવ અંગે જાણ થતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. વધુમાં મળેલ વિગત મુજબ મુળ ઉતરપ્રદેશના વતની મૃતક રાણીબેનને ગઈકાલે સાંજે જમવા બાબતે તેના પતિ સાથે ઉગ્ર ઝઘડો થયો હતો. તે બાદ આજે સવારે અંતિમ પગલુ ભરી લીધુ હતું.

# બાલાજીની વેફરમાંથી મળ્યો મરેલો દેડકો

## ફરિયાદ કરવા ગ્રાહકે ફોન કર્યો તો કસ્ટમર કેરે કહ્યું- 'તમારે જે કરવું હોય એ કરો, આવા કેસ તો આવતા રહે છે'

જામનગર, તા. ૧૯: આજકાલ ખાણી-પીણીની વસ્તુઓમાંથી કંઇકને કંઇક અજીબ વસ્તુઓ નીકળવાના બનાવો વધી રહ્યા છે. આવી જ ઘટના સામે આવી છે જામનગરથી.. જ્યાં બાલાજી વેફરમાંથી દેડકો નીકળ્યો છે. હાલ આ મામલે ફૂડ વિભાગે આગળની તપાસ હાથ ધરી છે.

જામનગરમાં પુષ્કરધામ સોસાયટી શેરી નંબર-૫માં રહેતા જસ્મીન પટેલ નામના વ્યક્તિની ભત્રીજીએ ગઈકાલે પ્રોવિઝન સ્ટોર પરથી બાલાજી વેફરનું પેકેટ ખરીદ્યું હતું. જે પેકેટને ઘરે લઈ ગયા પછી તેને ખોલતા તેમાંથી મૃત હાલતમાં દેડકો મળી આવ્યો હોવાનો જસ્મીન પટેલે આક્ષેપ કર્યો છે. વેફરમાંથી રાત્રે દેડકો નીકળતાં તેઓએ પેકેટવાળીને મૂકી દીધુ હતું અને સવારે જસ્મીન પટેલે જામનગર મહાનગરપાલિકાની ફૂડ શાખાનો સંપર્ક કરતાં ફૂડ શાખાએ આગળની તપાસ હાથ ધરી છે.

**'દુકાને આવીને મેં દેડકો દેખાડ્યો'**

આ અંગે જસ્મીન પટેલે જણાવ્યું હતું કે, મારી ભત્રીજીએ બાજુની દુકાન પટેલ જનરલ



સ્ટોર્સ પર ગઈકાલે ૮ વાગતાં બાલાજી કંપનીની કંનચેસ વેફર લીધી હતી. રાત્રે ૧૧ વાગતા મારી નવ મહિનાની છોકરી અને ભત્રીજી વેફર ખાતા હતા ત્યારે અચાનક અંદરથી મરેલો દેડકો નીકળતાં એમણે પેકેટ ફેકીને મને જાણ કરી હતી. મેં જોયું તો અંદર મરેલો દેડકો હતો. રાત્રે મેં પેકેટ એમને એમ મૂકી દીધુ હતું અને સવારે દુકાને આવીને મેં દેડકો દેખાડ્યો હતો.

**'તમારે જે કરવું હોય એ કરો'**

જસ્મીન પટેલે વધુમાં જણાવ્યું કે, દુકાનદાર સાથે વાતચીત કરીને એજન્સીવાળા જોડે વાત કરી હતી. એમણે કસ્ટમર કેરમાં વાત કરી હતી પણ કંઇ જવાબ ન મળ્યો તો અમે કસ્ટમ કેરમાં ફોન કર્યો તો મેડમે અમને કહ્યું કે, તમારે જે કરવું હોય એ કરો અમારે તો આવા કેસ આવતા જ રહેતા હોય છે. જસ્મીન પટેલે કહ્યું કે મારી નવ મહિનાની છોકરી અને મારા ભાઈની ચાર વર્ષની છોકરીને કંઇ થઇ ગયું હોત તો જવાદાર કોણ?

**'આટલા વર્ષથી આવું કઇ બન્યું નથી'**

એજન્સી સંચાલક કમલેશ ગંગતાણીએ જણાવ્યું હતું કે, અમારો ૨૦ વર્ષથી બિઝનેસ છે, આટલા વર્ષથી આવું કઇ બન્યું નથી. ખુલેલો પેકેટ છે અને અંદર કંઇક દેડકા જેવું જીવજંતુ છે એવું કહે છે. અમને બોલાવ્યા તો અમે જોવા આવ્યા છીએ. પેકેટ ખુલ્યા બાદ જ અંદર શું છે એ ખબર પડેને એવા સવાલમાં કમલેશ ગંગતાણીએ જવાબ આપવાનું ટાળ્યું હતું.

**'નમુના લેવાની કાર્યવાહી હાથ ધરી છે'**

આ અંગે જામનગર ફૂડ સેફ્ટી ઓફિસર ડી.બી. પરમારે જણાવ્યું હતું કે, વેફરમાંથી દેડકો નીકળ્યાની અમને ટેલિફોનીક સુચના મળતાં અમે અહીં આવ્યા છીએ. અહીં આવ્યા બાદ અમે ચેક કર્યું તો વેફરના પેકેટમાં દેડકો ચીપાઇ ગયેલો હોય એવું જોવા મળ્યું છે. હાલ અમે આ એજન્સીમાંથી આજ બેચના પેકેટના નમુના લેવાની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટના રસ્તા પર લૂખ્ખાઓનો આતંક, જીવના જોખમે બાઈક પર સૂતા-સૂતા કરી રહ્યાં છે ખતરનાક સ્ટંટ

રાજકોટ, તા. ૨૦: રંગીલા રાજકોટિયન્સના શોખ વધતા જઈ રહ્યાં છે. મોંઘીદાટ ગાડીઓની સાથે-સાથે હવે યંગસ્ટર્સ જોખમી સ્ટંટ તરફ વળ્યા છે. શહેરના જાહેર માર્ગો પર બિન્દાસ્ત આવા જોખમી સ્ટંટના ખેલ ખેલાતા હોય છે. જેના વીડિયો પણ સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થતા રહે છે. આવો જ વધુ કેટલાક શોકિંગ વીડિયો ફરીથી સામે આવ્યા છે.

એક વીડિયોમાં સ્ટંટમેન ચાલુ બાઈક પર છૂટ્ટાહાથે અને સૂતા-સૂતા ખેલ બતાવતો જોવા મળી રહ્યો છે. જાણે પોલીસને પડકાર ફેંકતો હોય, તેમ આ સ્ટંટમેન પોતાની સાથે-સાથ રસ્તા પર પસાર થતાં અન્ય વાહનચાલકો અને રાહદારીઓની જિંદગી પણ જોખમમાં મૂકી શકે છે. સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહેલો આ વીડિયો રાજકોટ-અમદાવાદ હાઈવે પરનો છે. જેમાં જાહેર રસ્તા પર ૪ જેટલા સ્ટંટમેન ફૂલ સ્પીડમાં દોડી રહેલી



બાઈક પર સૂતા-સૂતા સ્ટંટ કરતા જોવા મળી રહ્યાં છે. આ સમયે બાઈકની સ્પીડ ૮૦ થી ૧૦૦ની આસપાસ હોવાનો અંદાજો છે. બીજી તરફ વીડિયો વાયરલ થયા બાદ પોલીસ દ્વારા બાઈકની નંબર પ્લેટના આધારે તમામ સ્ટંટમેન નબીરાઓને પકડવા માટે તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે પણ ગોંડલ રોડ પરનો આવો જ એક વીડિયો સામે આવ્યો હતો. જેમાં એક યુવક બાઈક પર ઉભા-ઉભા સ્ટંટ કરતો જોવા મળ્યો હતો.

# સાગઠિયા પાસે ગેસ એજન્સી, પેટ્રોલ પંપ અને અદાણી શાંતિગ્રામમાં બંગલો; આવક કરતાં ૪૧૦% વધુ સંપત્તિ મળી



## ટીઆરપી અગ્નિકાંડમાં રાજકોટ મહાનગર પાલિકાની ફાયર, ટીપી બાદ વધુ એક શાખા તરફ તપાસ લંબાઈ

**■ ગેમઝોનને મનપાની આરોગ્ય શાખાએ ફૂડ લાયસન્સ આપ્યું'તું : પૂછપરછ શરૂ મિનિટ્સ નોટ અંગે ટીપી શાખાના ૨૧ અધિકારી-કર્મચારીની પૂછપરછ : ક્રાઈમ બ્રાંચમાં**

રાજકોટ, તા.૨૦: ટીઆરપી ગેમઝોનને મનપાની આરોગ્ય શાખાએ ફૂડ લાયસન્સ આપ્યું હતું. તેવો ઘટસ્ફોટ થયો છે. જેથી આરોગ્ય શાખાના સંબંધિત અધિકારીઓની ઓન પૂછપરછ શરૂ થઈ છે.

ટીઆરપી અગ્નિકાંડમાં રાજકોટ મહાનગર પાલિકાની ફાયર, ટીપી બાદ વધુ એક શાખા તરફ તપાસ લંબાતા મનપમાં સોંપો પડી ગયો છે. આ તરફ ખોટી મિનિટ્સ નોટ બનાવવાના ગુનામાં ટીપીઓ સાગઠિયાની ધરપકડ થયા બાદ ૬ દિવસના રિમાન્ડ મંજુર થયા છે.

જેથી મિનિટ્સ નોટ અંગે ટીપી શાખાના ૨૧ અધિકારી-કર્મચારીની પૂછપરછ થશે. જેથી ક્રાઇમ બ્રાંચમાં ફરી તપાસનો ધમધમાટ વધ્યો છે.ગેમઝોન અગ્નિકાંડના ગુનામાં ટીપીઓ એમ.ડી. સાગઠિયાને જેલ હવાલે કરવામાં આવેલ. ત્યારબાદ વિધિવત રીતે નકલી મિનિટ્સ નોટમાં ગુનામાં ક્રાઇમ બ્રાંચે જેલમાંથી સાગઠિયાનો કબ્જો લીધો હતો. ગઇકાલે સાંજે સાગઠિયાને કોર્ટમાં રજૂ કરી ૭ દિવસના રિમાન્ડ માંગવામાં આવેલ.

જેમાં પોલીસે રિમાન્ડના મુદ્દા રજૂ કર્યા હતા. જેમાં જણાવેલ કે, આરોપી સરકારી અધિકારી છે, કાયદાથી જાણકાર છે, જેથી ગુના કામે તપાસમાં પુરતો સહકાર આપતા નથી. ફર્યું ફર્યું બોલે છે. મિનિટ્સ નોટ સિવાય અન્ય કોઇ કામગીરી સબબ આરોપીએ આવી કોઇ ફાઇલો બનાવી ને કોઇ જગ્યાએ રજુ કરેલ છે કે કેમ ? મિનિટ્સ નોટ આરોપીના હુકમથી કે પછી કોઈની મુજબ બનાવેલ છે? તે બાબતે યોગ્ય હકીકત જણાવતા નથી. તેથી તપાસ થશે. ક્રોસ વેરીફીકેશન કરવા દરેક સાહેદો સાથે રાખી પુછપરછ કરવામાં આવશે. મીનીટસ નોટ જે-જે તારીખ અને સમયની છે ત્યારે આરોપી ખરેખર કયાં હતા તે અંગે પુછ પરછ કરવા માટે વધુ સમય લાગે તે હોય જેથી આરોપીની હાજરીની જરૂરીયાત છે.

આ ગુના કામમાં અન્ય કોઇ આરોપીઓ સંડોવાયેલ છે કેમ? તે બાબતે વધુ પુછ-પરછ કરવા આરોપીની હાજરી ની જરૂરીયાત છે.

મુદ્દા ધ્યાને લઇ કોર્ટે રિમાન્ડ મંજુર કર્યા હતા. મિનિટ્સ નોટમાં ૨૧ અધિકારી કર્મચારીઓની સહી છે. તેવું સૂત્રોએ જણાવ્યું છે. જેથી આ તરફ ક્રોસ વેરીફાઇ કરવા આ ૨૧ કર્મચારીઓની પૂછપરછ કરવામાં આવશે. તમામને ક્રાઇમ બ્રાંચે તેંડુ મોકલ્યું છે.

# મનસુખ સાગઠિયાનો પગાર ૭૦,૦૦૦, મિલકત 'માત્ર' ૧૦.૫૫ કરોડ !

**■ ગેસ એજન્સી, પેટ્રોલ પંપ અને અદાણી શાંતિગ્રામમાં બંગલો; આવક કરતાં ૪૧૦% વધુ સંપત્તિ મળી**

રાજકોટ, તા. ૨૦: રાજકોટના ચકચારી ઝક્ક ગેમઝોન અગ્નિકાંડ ફાયર સહિતના વિભાગના જવાબદારો સામે તપાસ ચાલી રહી છે. ત્યારે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડે. ચીફ ફાયર ઓફિસર ભીખા ઠેબા બાદ હવે તત્કાલીન ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠિયા સામે એન્ટીકરપ્શન બ્યૂરોએ ફરિયાદ નોંધી છે. રાજકોટ મનપાના ઝડ્ઘ મનસુખ સાગઠિયા સામે અપ્રમાણસર મિલકતની અઈઈએ ફરિયાદ દાખલ કરી છે. તત્કાલીન ઝડ્ઘ પાસે ગેસ એજન્સી, પેટ્રોલ પંપ અને અમદાવાદમાં અદાણી શાંતિગ્રામમાં બંગલો મળી આવ્યો છે.

રાજકોટના સસ્પેન્ડેડ મનસુખ સાગઠિયા સામે અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધાયો છે. એન્ટીકરપ્શન બ્યૂરોએ વધુ એક ફરિયાદ દાખલ કરી છે. સાગઠિયા સાથે સંકળાયેલાં ત્રણ સ્થળે દરોડા પાડ્યા હતા. તપાસમાં ૧૦ કરોડ ૫૫ લાખની અપ્રમાણસર મિલકત મળી આવી છે. સાગઠિયાની આવક કરતાં ૪૧૦% સંપત્તિ વધુ મળી આવી છે. સાગઠિયાના ભાઈની રાજકોટ ખાતેની આવેલી ઓફિસ પર પણ દરોડા પાડવામાં આવ્યા છે. રાજકોટમાં ગેસ એજન્સી, પેટ્રોલ પંપ અને અમદાવાદમાં અદાણી શાંતિગ્રામમાં બંગલો મળ્યો છે. દરમિયાન તેના વતનમાં પણ એસીબીની તપાસ કરાઈ રહી છે. એસીબીના ડાયરેક્ટર સમશેરસિંહના માર્ગદર્શન હેઠળ જોઈન્ટ ડાયરેક્ટર બિપિન આહીરે સહિતનો સ્ટાફ ત્રાટક્યો હતો.

રાજકોટ શહેરના કાલાવડ રોડ પર આવેલા TRP ગેમ ઝોન અગ્નિકાંડમાં રાજકોટ મહાનગરપાલિકાના જવાબદાર ચાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. આજથી ચાર મહિના પહેલાં જ ભાજપના ૧૫ જેટલા કોર્પોરેટર દ્વારા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જૈમિન ઠાકર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે ઝડ્ઘ ભ્રષ્ટ છે, તેવામાં હવે તેમની સામે કાર્યવાહી તો શરૂ કરી દેવામાં આવી હતી, મનસુખ સાગઠિયાનું લક્ઝુરિયસ ફાર્મહાઉસ રાજકોટ-જેતપુર નેશનલ હાઈવે પર ગોંડલ તાલુકાના ગોમટા ગામ નજીક આવેલું હોવાનું સામે આવ્યું હતું. જ્યારે તેમની અલગ અલગ જગ્યાએ ૩ પેટ્રોલ પંપમાં ભાગીદારી હોવાનું પણ જાણવા મળ્યું હતું. આ ઉપરાંત રાજકોટના યુનિવર્સિટી રોડ પર આલીશાન ૩૦૦ વારના નવોનકોર બંગલાનું કામ ચાલી રહ્યું હોવાનું સામે આવ્યું હતું.

તત્કાલીન ઝડ્ઘ મનસુખ ધનાભાઈ સાગઠિયા વિરૂધ્ધ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા અપ્રમાણસર મિલકતની તા.૦૧. ૦૪ .૨૦૧૨થી તા.૩૧.૦૫. ૨૦૨૪ના સમયગાળાના ચેક પિરીયડ દરમિયાન તેઓ દ્વારા વસાવવામાં આવેલી મિલકતોની તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં મેળવવામાં આવેલા દસ્તાવેજી પૂરાવાઓ તથા બેંક ખાતાઓની વિગતો અને વિવિધ સરકારી કચેરીઓમાંથી મેળવેલી દસ્તાવેજી માહિતી તથા તેમના નાણાંકીય વ્યવહારોની માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

સાગઠિયાએ પોતાની કાયદેસરની આવકના પ્રમાણમાં રૂ.૧૦,૫૫,૩૭,૩૫૫ની વધુ સંપતિ વસાવેલાનું જણાઈ આવ્યું છે. જે તેઓની આવકના પ્રમાણમાં ૪૧૦.૩૭%થી વધુ અપ્રમાણસર મિલકતો છે. આ કામે સમગ્ર પ્રાથમિક તપાસ કરનાર રાજકોટ એ.સી.બીના ફિલ્ડ પોલીસ ઈન્સ્પેક્ટર જે.એમ.આલએ સરકાર તરફે ફરિયાદી તરીકે રાજકોટ શહેર એ.સી.બી. પો.સ્ટે. માં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ (સુધારા- ૨૦૧૮)ની કલમ-૧૩(૧)બી, ૧૩(૨) મુજબનો ગુનો સાગઠિયા વિરૂધ્ધ નોંધાવ્યો છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# ‘સ્કૂલ વાન નહીં આવે તો ’ તેવી અનિશ્ચિતા સાથે વાલીઓ બાળકોને મુકવા બાઈક-સ્કુટર દોડાવ્યા

## ■ આજે સવારથી સ્કૂલવાન ફરી રાબેતા મુજબ શરૂ વાલીઓમાં રાહત

રાજકોટ, તા.૨૦: શાળાઓમાં વેકેશન ખુલતાની સાથે સ્કૂલવાન આરટીઓ પોલીસ તંત્રની કનડગતથી બંધ થતાં વાલીઓ પોતાના બાળકો સ્કૂલ લેવા-જવા મુશ્કેલી બેઠી રહ્યા છે. જો કે આજે સ્કૂલ વર્ધીવાન ચાલકોની હડતાલ સમાપ્ત થવા છતાં સ્કૂલવાન નહીં આવે તેવી અનિશ્ચિતા સાથે વાલીઓ પોતાના સ્કુટર-બાઈક કાર સહિતના વાહનોમાં બેસી સંતાનોને સ્કૂલે વહેલી સવારે વાહનો હંકારી મુકયા હતાં.સ્કુલવર્ધી વાહનોને ફરજીયાત ટેકસી



મેકસી પાસિંગ કરાવવાનો આર.ટી.ઓ. તંત્રએ કડક અમલ કરતા તેની સામે સ્કૂલ વાન એસો.એ ત્રણ માસનો સમય માંગતા સરકાર અને આર.ટી.ઓ.તંત્રએ દાદ નહી આપતા ગઈકાલે મંગળવારે હડતાલ પાડી હતી .બાદ હડતાલ સમેટી હોવાની જાહેરાત કરી હોવા છતાં આજે સ્કૂલવાન નહીં આવે તો? તેની અનિશ્ચિતા સાથે વાલીઓ વહેલી સવારે સંતાનોને સ્કૂલે મુકવા જતા નજરે પડયા હતાં. જો કે ગઈકાલે જાહેરાત થયા મુજબ આજે બુધવારે વહેલી સવારથી સ્કુલ વાન વર્ધી ચાલકોએ વાહનો શરૂ બાળકોને નિર્ધારીત સમયે સ્કૂલે મુકવા અને પરત ઘરે પહોંચાડતા હજારો વાલીઓ રાહત અનુભવી હતી.

# તા. ૧૫ ઓગષ્ટથી અમદાવાદ-મુંબઇની મુસાફરી ઝડપી બનશે : ટ્રેનો ૧૬૦ કિ.મી.ની ઝડપે દોડશે

અમદાવાદ, તા. ૧૯ઃ ગુજરાતમાં વંદેભારત ટ્રેન, શતાબ્દિ વગેરેને ઘણી સફળતા મળી છે, પરંતુ તેની સ્પીડ ઓછી છે તેવી ફરિયાદ હતી. ૧૬૦ કિમીના બદલે વંદેભારત ટ્રેન માત્ર ૧૩૦ કિમીની મહત્તમ ઝડપે દોડતી હતી. હવે ગુજરાતમાં અમદાવાદ-મુંબઈ વચ્ચે મુસાફરી કરનારાઓ માટે સારા સમાચાર છે.

૧૫ ઓગસ્ટથી અમદાવાદથી મુંબઈની મુસાફરીમાં ઓછો સમય લાગશે. ૧૫ ઓગસ્ટથી મુંબઈ-અમદાવાદ રૂટ પરની તમામ ટ્રેનો ૧૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડશે. પશ્ચિમ રેલવેના જણાવ્યા અનુસાર મુંબઈ-અમદાવાદ રૂટ પર વંદે ભારત, શતાબ્દી, આઈઆરસીટીસી તેજસ, ડબલ ડેકર અને દિલ્હી-મુંબઈ રાજધાની જેવી ટ્રેનોની ઝડપ ૧૩૦ કિમી પ્રતિ કલાકથી વધીને ૧૬૦ કિમી પ્રતિ કલાક થઈ જશે. રેલવે પ્રશાસને આ અપગ્રેડેશન માટેના એક્શન પ્લાનને અંતિમ સ્વરૂપ આપી દીધું છે.

મુંબઈ-અમદાવાદ રૂટ પર, વિરાર અને સુરત વચ્ચે અને પછી અમદાવાદ સુધી ૧૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ટ્રેનો દોડશે. મુંબઈ સેન્ટ્રલથી બોરીવલી સુધીની સ્પીડ ૧૦૦ કિમી પ્રતિ કલાક અને બોરીવલી અને વિરાર વચ્ચે ૧૧૦ કિમી પ્રતિ કલાકની હશે.

પશ્ચિમ રેલવેના જણાવ્યા અનુસાર, મિશન રફ્તાર પહેલ હેઠળ, રેલવેએ અગાઉ મોટા શહેરો વચ્ચે ટ્રેનની ઝડપ વધારવાની યોજના બનાવી હતી.

# ITIમાં સૌરાષ્ટ્ર-કચ્છના ૧૨ જિલ્લાની ૧૪૯ કોર્સમાં ૩૯,૧૨૨ સીટ સામે ૨૫,૦૫૩ સીટ ભરાતા ફોર્મ ભરવાની તારીખ લંબાવાઈ

રાજકોટ, તા. ૨૦ઃ રાજકોટમાં સ્થિત નાયબ નિયામક (તાલીમ) રોજગાર અને તાલીમની પ્રદેશિક કચેરી કે જે સૌરાષ્ટ્ર - કચ્છની ઈંઝઈંની રિજિયોનલ ઓફિસ ગણાય છે, તેના નાયબ નિયામક કૌશિક કણઝારીયાએ જણાવ્યુ હતું કે, સૌરાષ્ટ્ર-કચ્છના ૧૨ જિલ્લામાં ૯૯ સરકારી, ૨૦ ગ્રાન્ટેડ અને ૩૦ સેલ્ફ ફાયનાન્સ ITI આવેલી છે. જેમાં સેલ્ફ ફાયનાન્સમાં ૩૦ માંથી ૨૫ ઈંઝઈંમાં હાલ એડમિશન મળી રહ્યા છે. તેમણે જણાવ્યુ કે, તમામ ઈંઝઈંમાં થઈને ૩૯,૧૨૨ સીટ છે. જેની સામે ૨૫,૦૫૩ એ જ ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરાવતા ૧૪,૦૬૯ સીટ ખાલી રહેતા ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૫ જૂનથી લંબાવી ૩૦ જૂન કરવામા આવી છે. પ્રવેશમાં નિરસતા મામલે ITIના અધિકારીએ કહ્યુ કે, ઊંચુ પરીણામ અને મોડી માર્કશીટ આપવામા આવતા ITI માં એડમિશન ઘટયા હોવાનું તારણ છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતું કે, ITIમાં થતાં અલગ-અલગ ૭૯ જેટલા કોર્ષ થાય છે. જેમાં રેફ્રીજરેશન, એર કંડીશનીંગ, મરીન એન્જિનિયરીંગ, મિકેનિક ઇલેક્ટ્રિકલ વ્હીકલ, સોલાર ટેકનિશયન જેવા વિવિધ કોર્ષમાં વિદ્યાર્થીઓને એડમિશન આપવામાં આવે છે. આ ઉપરાંત ઓન ડીમાન્ડિંગ છે તેવા ઈલેક્ટ્રિશયન, ટર્નર, ફિટર, વેલ્ડર, કાર્પેન્ટર અને પ્લંબર જેવા કોર્ષમાં ધોરણ-૮ અને ૧૦ પાસ પર એડમિશન થઈ રહ્યા છે. તેમણે જણાવ્યુ કે, હાલ ઘરે ઘરે સોલાર લાગી રહ્યા છે અને સોલાર પાર્કનું પણ નિર્માણ થઈ રહ્યું છે ત્યારે તે માંગને આધારિત સોલાર સંબંધિત કોર્સ થઈ રહ્યા છે. રાજકોટ ઉપરાંત જામનગર, જૂનાગઢ, ભાવનગર અને સુરેન્દ્રનગરમાં મહિલાઓ માટે સ્પેશિયલ ઈંઝઈં છે. આ ઉપરાંત રાજકોટમાં દિવ્યાંગો માટેની પણ સ્પેશિયલ ITI છે. જ્યાં હાલ ૮૨ દિવ્યાંગો છે. જેઓ કોમ્પ્યુટર કોર્સ સહિતના કોર્ષમાં તાલીમ મેળવી રહ્યા છે.

તેમણે જણાવ્યુ કે, અહીંથી રોજગારી અને સ્વરોજગારી એમ બે પ્રકારે નોકરી મળી શકે તેમ છે. ઈલેકટ્રિશયન, વાયરમેન, પ્લમબર અને કાર્પેન્ટરના કોર્ષમાં જે વિદ્યાર્થીઓ એડમિશન મેળવી રહ્યા છે તેઓ પોતે જ પોતાની રીતે સ્વરોજગારી મેળવી રહ્યા છે. ફેકલ્ટી બાબતે પૂછવામાં આવતા તેમણે જણાવ્યુ હતું કે, ફેકલ્ટીની ભરતી ગુજરાત સરકાર દ્વારા કેન્દ્રિયકૃત ધોરણે કરવામાં આવતી હોય છે. રાજકોટ રિજીયનમાં સરકારી આઈ.ટી.આઈ.માં અત્યારે ૧,૬૦૦ જેટલા સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર, મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, ફેબ્રિકેશન, રેફ્રીજરેશન જેવા ગ્રૂપમાં ફરજ

# સિવિલ હોસ્પિટલમાં સિલિંગ ફેન તૂટી પડ્યો, થોડીવાર માટે દર્દીઓમાં નાસભાગ

રાજકોટ, તા. ૨૦ઃ રાજકોટની સિવિલ હોસ્પિટલ અવારનવાર કોઈને કોઈ વિવાદોમાં ઘેરાયેલી રહે છે. ત્યારે આજે વધુ એક વિવાદ સામે આવ્યો છે. જેમાં ઘડઙ બિલ્ડિંગમાં દર્દીઓની ભીડ વચ્ચે દવાબારી પાસે છતમાંથી સિલિંગ ફેન તૂટીને નીચે પડતા થોડીવાર માટે દર્દીઓમાં નાસભાગ મચી ગઈ હતી. આ ઘટનામાં એક વ્યક્તિને સામાન્ય ઈજા પહોંચી હતી. જોકે, ભયનો માર્યો આ દર્દી સારવાર લીધા વિના જ હોસ્પિટલમાંથી ચાલ્યો ગયો હતો. પરંતુ દર્દીઓમાં આ બાબત દિવસભર ચર્ચાનો વિષય બની હતી.

**સિલિંગ ફેન તૂટી પડતા દર્દીઓમાં નાસભાગ**

પ્રાપ્ત વિગત મુજબ ઔદ્યોગિક વિસ્તારોમાં બુધવારની રજા હોય આજે હોસ્પિટલમાં દર્દીઓનો ધસારો અન્ય દિવસો કરતા વધુ હતો. દરમિયાન ઓપીડી બિલ્ડિંગમાં દર્દીઓની ભીડ વચ્ચે દવાબારી પાસે છતમાંથી સિલિંગ ફેન તૂટી પડ્યો હતો. અચાનક ફેન નીચે પડતા થોડીવાર માટે નાસભાગ થઈ હતી. આ પંખો એક વ્યક્તિ ઉપર પડતા તેને માથાના ભાગે ઈજા પહોંચી હતી. જોકે, આ બનાવ બાદ તરત સારવાર લેવાને બદલે



દર્દીએ ચાલતી પકડી હતી. જો પંખો કોઈ બાળક ઉપર પડ્યો હોત તો પરિણામ ગંભીર આવ્યું હોત તેવી ચિંતા પણ દર્દીઓએ વ્યકત કરી હતી.

ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી સિવિલ હોસ્પિટલમાં છતમાંથી પાણી ટપકતા હોવાની દર્દીઓની ફરિયાદો અગાઉ અનેકવાર સામે આવી ચૂકી છે.

ત્યારે હવે તો સિવિલ હોસ્પિટલમાં છતમાંથી જ સિલિંગફેન તૂટવાની ઘટના સામે આવી છે. ત્યારે કોઈને કોઈ મુદ્દે વિવાદમાં આવતી સિવિલ હોસ્પિટલ હવે દર્દીઓની અસલામતિ મુદ્દે ફરી ચર્ચામાં આવી છે. જોકે, આ બનાવ બાદ ત્યાં ઉપસ્થિત દર્દીઓ અને તેના સ્વજનોએ જાનહાનિ ટળી હોવાની રાહત વ્યકત કરી હતી.

### VYO દ્વારા કાર્યરત જલ સંરક્ષણ અભિયાન અંતર્ગત ગાંધીનગરમાં

# મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા ૪૪ ગામોમાં રિચાર્જ બોરવેલનું ડિજિટલ લોકાર્પણ સંપન્ન

- **વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી દ્વારા ધાર્મિક સેવા સાથે સામાજીક કાર્યો થકી સમાજને મજબૂત કરવાનો પ્રયાસ અભિનંદનીયઃ મુખ્યમંત્રી**

રાજકોટ તા.૧૯ઃ વૈષ્ણવાચાર્ય પૂ.મહારાજની આઝાદીના અમૃત મહોત્સવના ઉપલક્ષ્યમાં વીવાયઓ દ્વારા કાર્યરત જલ સંરક્ષણ અભિવાન અંતર્ગત ગુજરાતના ગામોમાં ૭૫ રિચાર્જ બોરવેલ કાર્યરત કરવાના અભિયાનને સાકાર કરવાનો અભિગમ સાકાર થઈ રહ્યો છે. ગાંધીનગરના સિવિલ કેમ્પસ સ્થિત જીએમઈઆરએસ મેડિકલ કોલેજ ઓડિટોરિયમ ખાતે ગુજરાતના ગાંધીનગર, રાજકોટ તથા જામનગર જીલ્લાના ૩૧ ગામોમાં કાર્યરત બનેલા રિચાર્જ બોરવેલ લોકાર્પણ થયા બાદ વીવાયઓના તત્વાવધાનમાં નિર્માણ પૂર્ણ થઈ ગયેલ ૪૪ વધુ બોરવેલ લોકાર્પણ વૈષ્ણવાચાર્ય પૂ. વ્રજરાજકુમારજીની અધ્યક્ષતામાં આયોજીત આ સમારંભમાં મુખ્ય અતિથિ તથા ઉદઘાટક ગુજરાત



રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા આ બોરવેલનું ડિજિટલ લોકાર્પણ સંપન્ન થયું હતું.

ગાંધીનગર જિલ્લાના ચંદ્રાલા, બાલવા, ડભોડા, છાલા દશેલા, જગુદણ, મોતીપુરા, ટીંડોળા, સોનારડા, નારદીપુર, અને લીંબડીયા, તેમજ અમરેલી જીલ્લાના સૂર્યપ્રતાપગઢ, અનિડા, નવા ઉજળા, વડેરા, વરૂડી, પ્રતાપપરા, નાના આંકડીયા, શેડુભાર, ઈશ્વરીયા વરસડા, કેરીયાનાગસ, મતીરાળા, સલડી, લાલાવદર, દેવરાજીયા, મોટા દેવળીયા, ગાળ કોટડી, તથા ખાખરીયા, જુનાગઢ જીલ્લાના ઈવનનગર, ગોલાધર, મજેવડી, પત્રાપસર, માખીયાળા, આંબલીયા, જાલણસર, વાણંદિયા, વડાદ, ચોકલી, અલિન્દ્રા, અરણીયાળા, હાથરોટા, થાણા પીપળી, અજાબ, તેમજ સાબરકાંઠા જીલ્લાના બે ગામોમાં રિચાર્જ બોરવેલ કાર્યરત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગના મુખ્ય સેવાર્થી પ્રદીપભાઈ ધામેચા, વીણાબેન ધામેચા ખાસ લંડન (યુકે)થી ઉપસ્થિત રહ્યા હતા તથા પૂર્વ શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી, હિતેશભાઈ મકવાણા મેયર ગાંધીનગર મહાનગરપાલિકા, રીટાબેન કેતનકુમાર પટેલ ધારાસભ્ય ગાંધીનગર (ઉત્તર), કેયુરભાઈ રોકડિયા ધારાસભ્ય સયાજીગંજ વડોદરા, આ સાથે જ બીપીનભાઈ સોની અમદાવાદ, કિરીટભાઈ શાહ, ગુજરાત પ્રમુખ, શૈલેષભાઈ પટવારી પુર્વ ચેરમેન જીસીસીઆઈ, નીતિનભાઈ પટેલ, કાંતિભાઈ સુદાણી, દક્ષેશભાઈ શાહ, પ્રદીપભાઈ ગગલાની, જશવંતભા, ગાંધી તેમજ અનેક સામાજીક અગ્રણી સહીત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી વીવાયઓ અંતર્ગત ૪૪ બોરવેલના લોકાર્પણ પ્રસંગના અનુસંધાનમાં ઉદબોધનમાં કરતા જણાવ્યું કે વીવાયઓના સંસ્થાપક અને વૈષ્ણવાચાર્ય પૂ.શ્રી વ્રજરાજકુમારજીના ધાર્મિક અને સમાજ સેવાના કાર્યની સરાહના કરી હતી. સરકાર દ્વારા બોરવેલની વ્યવસ્થા તો થઈ છે પણ એના રિચાર્જનો વિચાર આવવો એ ખૂબ ઉમદા છે. પાણી બચાવી પાણીદાર ગુજરાતની

પૂ. મહારાજે કુવાના પાણીનું મહત્વ સમજાવ્યું જે આપણી સંસ્કૃતિ છે પાણીના ઉભા ગ્લાસ અને બોટલો પોર્ટુગલ જેવી પાશ્ચાત સંસ્કૃતિમાંથી આવેલું કલ્ચર છે. ઉભા વાસણોના જલમાં એક સ્ટ્રેસ રહેલું હોય છે શાંત નથી હોતું, જયારે કુવામાં કે લોટામાં રહેલું જલ શાંત હોય છે જે પીવાથી સ્ટ્રેસ દુર થાય છે.

# ગેમ ઝોન અગ્નિકાંડમાં વધુ એક ખુલાસોઃ કાફે રેસ્ટોરન્ટની મંજૂરી આપનાર આરોગ્ય વિભાગની ક્રાઈમ બ્રાન્ચે માહિતી મેળવવાનું શરૂ કર્યું

રાજકોટ, તા. ૨૦: રાજકોટ TRP ગેમ ઝોન મામલે વધુ એક ખુલાસો થયો છે. ગેમ ઝોનમાં કાફે રેસ્ટોરન્ટ ચાલતું હતું જેના માટે મેનેજર નીતિન જૈને રજિસ્ટ્રેશન માટે જરૂરી પ્રક્રિયા હાથ ધરી હતી. ત્યારે મનપાના આરોગ્ય વિભાગ દ્વારા તેમને કેવી રીતે પરમિશન આપવામાં આવી હતી, તેમજ શું શું પૂરાવા મેળવવામાં આવ્યા હતા અને તેમાં કોઈ બેદરકારી હતી કે કેમ સહિતના મુદ્દે તપાસ શરૂ કરવામાં આવી છે. આ માટે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા રાજકોટ મનપાના આરોગ્ય વિભાગ પાસેથી માહિતી મેળવવામાં આવી રહી છે.



**રજિસ્ટ્રેશન પ્રક્રિયા કોના દ્વારા કરવામાં આવી હતી?**

અગ્નિકાંડ મામલે ગેરકાયદે ગેમઝોન અંગે મનપાના ટાઉન પ્લાનિંગ વિભાગના અધિકારીઓ તેમજ ફાયર વિભાગના અધિકારીઓ વાકેફ હતા અને તેમની બેદરકારીના કારણે ગેમ ઝોનમાં અગ્નિકાંડ થતા પોલીસ દ્વારા ટાઉન પ્લાનિંગ વિભાગના કુલ ૫ અને ફાયર વિભાગના ૧ મળી કુલ ૬ અધિકારીઓ સામે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તદુપરાંત TRP ગેમઝોન ખાતે કાફે રેસ્ટોરન્ટ પણ હોવાની માહિતી મળતા હવે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોગ્ય વિભાગ પાસેથી પણ માહિતી મેળવવામાં આવી રહી છે. જેમાં છએઈનું આરોગ્ય તંત્ર પણ આ બાંધકામથી વાકેફ હતું કે કેમ તેમજ રજિસ્ટ્રેશન પ્રક્રિયા કોના દ્વારા કરવામાં આવી હતી અને ક્યાં ક્યાં દસ્તાવેજોના આધારે ફૂડ લાઇસન્સ અપાયું તેની તપાસ કરવામાં આવી રહી છે.

આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ કોઈપણ રેસ્ટોરન્ટ કે કાફે રજિસ્ટ્રેશન માટે ઓનલાઈન ત્રઘજઈઘજ નામની વેબસાઈટ પર એપ્લાય કરવાનું રહેતું હોય છે. આ પછી જે-તે વિસ્તારના કોર્પોરેશનના પોર્ટલમાં તેની અરજી આવતી હોય છે. જેમાં અરજદારની ડિટેઈલ, ઈલેક્ટ્રિક બિલ પૂરાવા, ભાડાની જગ્યા હોય તો ભાડા કરાર સાથે જોડવાનું રહેતું હોય છે. આ પછી જે-તે અધિકારી પાસે લાઇસન્સ રજિસ્ટ્રેશન એપ્રૂવલ આવે તો સ્થળ તપાસ કરી પૂરાવા ચકાસી તેમને મંજૂરી આપવામાં આવતી હોય છે.

ઉલેખનીય છે કે વર્ષ ૨૦૨૨માં રાજકોટ TRP ગેમ ઝોનના મેનેજર નીતિન જય દ્વારા ગ્રેવિટી કાફેના નામથી રજિસ્ટ્રેશન પ્રક્રિયા કરવામાં આવી હતી. જેમાં તેઓએ ક્યાં ક્યાં જરૂરી દસ્તાવેજો મનપાના આરોગ્ય વિભાગને આપ્યા હતા એ દિશામાં પોલીસ તપાસ કરવામાં આવી રહી છે. પ્રાથમિક દ્રષ્ટિએ આરોગ્ય વિભાગની બેદરકારી કે જવાબદારી ન જણાતા જરૂરી કાગળોની તપાસ કરવામાં આવી રહી છે. પરંતુ જો તપાસ દરમિયાન તેમની કોઈ બેદરકારી સામે આવશે તો તેમની સામે પણ કાર્યવાહી થઇ શકે તેમ છે.

# ત્રણ દિવસની રજા બાદ યાર્ડ ફરી ધમધમતું થયું: સાંજથી અલગ અલગ જણસીઓની આવક શરૂ

ગોંડલ, તા. ૨૦: ગુજરાત અને સૌરાષ્ટ્રનું સૌથી અગ્રીમ ગણાતા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ૧૬ જૂનથી ૧૮ જૂન ત્રણ દિવસની રજા બાદ માર્કેટિંગ યાર્ડનું તમામ પ્રકારનું કામકાજ અને જણસીઓની હરાજીઓ શરૂ કરવામાં આવી છે. આજ સાંજથી અલગ અલગ જણસીઓની આવક શરૂ કરવામાં આવશે.



વધુમાં ગોંડલ માર્કેટીંગ યાર્ડના સેક્રેટરી તરૂણ પાંચાણીએ જણાવ્યું હતું કે, ત્રણ દિવસની રજા બાદ માર્કેટિંગ યાર્ડમાં આજથી તમામ પ્રકારના હરાજી સહિતના કામકાજ ચાલુ કરી દેવામાં આવ્યા છે. ગોંડલ માર્કેટિંગ યાર્ડ શરૂ થતાંની સાથે જ અલગ અલગ પાકોની આવક આજ સાંજથી શરૂ કરવામાં આવશે. ૧૬ જુનથી ૧૮ જૂન સુધી ગોંડલ માર્કેટિંગ યાર્ડ બંધ હતું. જેથી ખેડૂતો પોતાની જણસી વેચી શકતા ન હતા, પરંતુ જેવું ગોંડલ માર્કેટિંગ યાર્ડ આજથી શરૂ થયું છે ત્યારે સૌરાષ્ટ્રભરમાંથી ખેડૂતો પોતાના ખેડૂત પાક લઈને ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે આવી પહોંચશે.

યાર્ડમાં જુનાગઢ, પોરબંદર તેમજ જામનગર જિલ્લાના કેટલા ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતો પોતાનો ખેતપાકો વેચવા માટે ગોંડલમાં આવી પહોંચે છે. વધુમાં જણાવ્યું હતું કે, હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી છે. તો સૌ ખેડૂત ભાઈઓએ પોતાની જણસી ઢાંકીને વ્યવસ્થિત લાવવાની રહેશે અને વરસાદમાં પલળે નહિ તે રીતે યાર્ડમા ઉતારવાની રહેશે.

# એનડીઆરએફના 30 જવાનોની ટીમ રાજકોટમાં

## ચોમાસા દરમિયાન સંભવિત અતિવૃષ્ટિ અને વાવાઝોડાના સમયે રાહત બચાવની કામગીરી કરશે

રાજકોટ તા.૨૦: ચોમાસાનો પ્રારંભ થતાની સાથે જ એનડીઆરએફના ૩૦ જવાનોની ટીમ રાજકોટ આવી પહોંચી છે. એનડીઆરએફની ટીમના કમાન્ડર દ્વારા આજે કલેકટરને રીપોર્ટ કરી દેવામાં આવેલ છે.

શહેરના મોરબી રોડ પર આવેલ ગુજરાત સરકારના ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટર હસ્તકના કવીક રીસ્પોન્સ સેન્ટર ખાતે આ ટીમે પડાવ નાખેલ છે. આ ટીમ ચોમાસા દરમ્યાન સંભવિત અતિવૃષ્ટિ અને વાવાઝોડાના સમયે જીલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોમાં દોડી જઈ રાહત બચાવની કામગીરી કરશે.

ગાંધીનગરથી એનડીઆરએફની આ ટીમ રાહત બચાવના તમામ સાધનો સાથે રાજકોટ આવી પહોંચી છે. જેમાં રેસ્ક્યુ બોટ, લાઈફ જેકેટ, બોર્ડ કટર, વોકીટોકી સેટ, ઓકસીજન, કોન્સેટ્રેટર ઓટો ઈન્જેકટર સેટ, ફર્સ્ટ એઈડ કીટ, સહિતના રાહત બચાવના સાધનો સાથે આ ટીમ રાજકોટપહોંચીછે.

# રાજકોટનાં આમ્રપાલી અન્ડરબ્રીજમાં સુશોભન માટેનાં કુંડા જોખમી બન્યા

## વાહન ચાલકો પર પડે તો જાનહાનીની શક્યતાઃ મનપા તંત્રની ઘોર બેદરકારી

રાજકોટ, તા. ૨૦ઃ રાજકોટ મહાનગરપાલિકા તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. જેમાં શહેરનાં આમ્રપાલી અન્ડરબ્રિજ ખાતે સુશોભન માટે ૧૦૦ જેટલા કુંડા મુકવામાં આવ્યા છે. જો કે, બ્રિજ ઉપર મુકાયેલા કુંડા અતિશય જોખમી હાલતમાં છે. આ પૈકીનાં કેટલાક કુંડાઓ તૂટી ગયા છે. તો બાકીના પૈકી મોટાભાગના કુંડા સાવ ઢીલા થઈ ગયા હોવાથી જો ભારે પવન ફંકાય તો નીચે પડે તેવી શક્યતા છે. આ કુંડા વજનદાર હોવાથી નીચે પડે તો જાનહાનિ થવાની પૂરતી શક્યતા છે ત્યારે આ કુંડાનું સમારકામ કરવામાં આવે અથવા તેને હટાવી લેવામાં આવે તે જરૂરી છે.





રાજકોટમાં ટ્રાફિકથી સતત ધમધમતા અને રોજ ૧ લાખ વાહનચાલકો જ્યાંથી પસાર થાય છે, તે રેસકોર્સ કિસાનપરા ચોકથી રૈયારોડ પર જવા આમ્રપાલી ફાટક નીચે અન્ડરબ્રિજ બનાવવામાં આવ્યો હતો. રૂ. ૨૫.૫૩ કરોડના ખર્ચે બનેલા આ અન્ડરબ્રિજનું વર્ષ ૨૦૨૧માં તત્કાલીન મુખ્યમંત્રીનાં હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જોકે, આ બ્રિજના નિર્માણમાં ક્ષતિઓ હોવાને લઇ શરૂઆતમાં વગર વરસાદે પાણી ભરાતા હતા. ત્યારબાદ ફરી સમારકામ કરી આ પાણી ભરાતા બંધ કરાયા હતા. જોકે, હાલ બ્રિજનાં સુશોભન માટે મુકેલા કુંડા અતિશય જોખમી બન્યા છે.

આમ્રપાલી બ્રિજ ઉપર સુશોભન માટે બંને તરફ મળીને અંદાજે ૧૦૦ જેટલા કુંડા મુકવામાં આવ્યા હતા. જેમાં જુદા-જુદા ફૂલો ઉગાડી બ્રિજને આકર્ષક બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, સમય જતાં આ કુંડા સાવ ઢીલા થઈ ગયા છે અને કેટલાક કુંડાઓ તો તૂટી પણ ગયા હોવાથી સુશોભન જેવું ખાસ રહ્યું નથી અને ઢીલા પડી ગયેલા કુંડા વાવાઝોડાનાં સમયમાં નીચે પડે એવી પૂરતી શક્યતા છે. જો આ કુંડા નીચે પડે તો ત્યાંથી પસાર થતા વાહનચાલકોને ગંભીર ઈજા થવાની કે તેનો જીવ જવાની પણ શક્યતા છે.

હાલ ચોમાસુ સાવ નજીક આવી પહોંચ્યું છે. આગામી દિવસોમાં ભારે પવન સાથે વરસાદ થવાની પણ પૂરતી સંભાવના છે. આમ્રપાલી અન્ડરબ્રિજ ઉપર દરેક કુંડા માત્ર બે બોલ્ટ પર મૂકવામાં આવ્યા છે. આ બોલ્ટ ક્યાંક ઢીલા પડી ગયા છે તો ક્યાંક કાટ ખાઈ ગયા છે. ત્યારે વરસાદ અને વાવાઝોડાનાં સમયમાં કુંડા વાહનચાલકો માથે પડવાની શક્યતા વધુ હોવાથી તાત્કાલિક આ કુંડા હટાવી લેવા અથવા તેનું સમારકામ કરવામાં આવે તે જરૂરી છે. જોકે આ અંગે મનપા તંત્ર કોઈ દુર્ઘટના પૂર્વે જાગે છે કે નહીં તે આવનારો સમય જ બતાવશે.

# સાવરકુંડલા ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઇ





અહેવાલ : યોગેશ ઉનડકટ સાવરકુંડલા

સાવરકુંડલા, તા. ૨૦ઃ તા. ૨૧/૦૬/૨૪ નાં રોજ સાવરકુંડલા શહેર વિસ્તારમા દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવનાર હોય જેના અનુસંધાને સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે એ.એસ.પી. વલય વૈદ્ય તથા ટાઉન પી.આઇ. ની ઉપસ્થિતિમાં શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવેલ. જેમાં નગરપાલિકા ચીફ ઓફિસર બોરડ તેમજ શહેરના આગેવાનો, વેપારીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા. આ મીટીંગમાં તંત્ર દ્વારા તમામ લોકોને સ્વૈચ્છિક રીતે તા. ૨૦/૬/૨૦૨૪ સાંજ સુધીમાં પોતે કરેલા દબાણ દૂર કરી નાખવા અપીલ કરવામાં આવેલ હતી. તેમજ તંત્ર દ્વારા એમ પણ જણાવવામાં આવેલ કે, તા. ૨૧ ના રોજ દબાણ હટાવવાની કામગીરી સમયે દબાણ નહીં હટાવેલ હોય તો તેમની કોઇ રજુઆતોને ધ્યાને લેવામાં આવશે નહીં અને દબાણ દૂર કરવામાં આવશે.

# વધુ 127 ધંધાર્થી પાસેથી 21 કિલો પ્લાસ્ટીક મળ્યું



## જાહેરમાં ગંદકી કરતા આસામીઓને ૩૯ હજારનો દંડ

રાજકોટ, તા.૨૦

મહાપાલિકા દ્વારા ચાલતી પ્લાસ્ટીક વિરોધી કામગીરી અંતર્ગત ગઇકાલે વધુ ૧૨૭ ધંધાર્થીઓ પાસેથી ૨૧ કિલો પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્ત કરવામાં આવ્યું હતું.સેન્ટ્રલ ઝોનમાં ૪૪ ધંધાર્થી પાસેથી ૫.૬ કિલો, વેસ્ટ ઝોનમાં ૫૧ આસામી પાસેથી ૯ કિલો અને પૂર્વ ઝોનના ૩૨ આસામી પાસેથી ૬.૫ કિલો ઝબલા અને પાન, કાફી, ચાના પ્લાસ્ટીક જપ્ત કર્યા હતા. જાહેરમાં કચરો અને ગંદકી ફેંકવા બદલ રૂા. ૩૯ હજારનો વહીવટી ચાર્જ પણ વસુલવામાં આવ્યાનું સોલીડ વેસ્ટ વિભાગે જણાવ્યું હતું.

# રાજુલાના ડુંગર ગામે એસબીઆઇ બેન્કની કામગીરીમાં ઠાગાઠૈયા

રાજુલા, તા. ૨૦: રાજુલા તાલુકાના ડુંગર ગામે એસબીઆઇ બેન્કની કામગીરીમાં ઠાગાઠૈયા જોવા મળી રહ્યાં છે. અહીં બેન્કમાં છેલ્લા ચાર મહિના ઉપરાંતથી એટીએમ મશીન બંધ હાલતમા પડેલ છે. જેથી બેન્કના ગ્રાહકો હેરાન પરેશાન થઇ રહ્યા છે. ત્યારે એટીએમ મશીન શરૂ થશે ખરા ? કે પછી સોભાના ગાંઠીયા સમાન જ રેહશે. ત્યારે હવે એટીએમ મશીન શરૂ કરાવા લોકોની માંગ ઉઠી છે.




બીજીતરફ બેન્કના કર્મચારીઓ દ્વારા ગ્રાહકોને સંતોષકારક જવાબ આપવામા આવતો નથી તેમજ ગ્રાહકોને પોતાની કામગીરી માટે વારંવાર ધક્કાઓ ખવડાવવામાં આવી રહ્યા છે. જેથી બેન્કના કર્મચારીઓ ગ્રાહકો સાથે મનમાની કરતા હોવાને કારણે ગ્રાહકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને કોઇપણ લોકોને બેન્કમાં પોતાનુ નવુ એકાઉન્ટ ખોલવા માટે ૧૫ દિવસ રાહ જોવી પડે છે તેવી આ બેન્કમાં કફોડી સ્થિતિ બની છે.

ત્યારે એસબીઆઇ શાખાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ડુંગર એસબીઆઇ બેન્કમાં નિષ્ફળ કામગીરીમાં થતી હોવાથી યોગ્ય તપાસ કરી ગ્રાહકોને મુશ્કેલીઓ ન પડે તે માટે યોગ્ય નિરાકરણ કરવુ જરૂરી બન્યુ છે.

## જાફરાબાદના માઇન્સ વિસ્તારમાં એકસાથે ૧૨ સિંહ પરીવારના આંટાફેરા



અમરેલી જીલ્લામાં સિંહોની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે. અમરેલી જિલ્લામાં સિંહ જંગલ વિસ્તાર, દરિયાઇ વિસ્તાર અને ખાણ વિસ્તારમાં પણ જોવા મળી રહ્યા છે. જાફરાબાદના માઇન્સ વિસ્તારમાં એકસાથે ૧૨ સિંહ પરિવાર લટાર મારતો જોવા મળ્યો હતો. જોકે સિંહ પરીવારે ખાણ વિસ્તારમાં ધામા નાખ્યા હતાં. હાલમાં સોશિયલ મીડિયામાં સિંહ પરીવારની લટારનો વિડિયો વાઇરલ થયો છે.

રીપોર્ટરઃ-ધર્મેશ મહેતા રાજુલા

# ગવરીદડથી રાજગઢ રોડનું પેવરકામનું મુહૂર્ત કરતા પ્રવિણાબેન રંગાણી

રાજકોટ, તા. ૨૦: આજ રોજ રાજકોટ તાલુકાના ગવરીદડથી રાજગઢ રોડનું પેવરકામની શરૂઆત કરેલ છે. જે કામની અંદાજીત રકમ રૂ.૩૦૫ લાખ છે.આ રોડથી આ વિસ્તારના ગ્રામ્યજનોની સુખાકારીમાં વધારો થશે. આ પ્રસંગે વિસ્તારના ગ્રામજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વાંકાનેર ધારાસભ્યશ્રી જીતુભાઈ સોમાણી,જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, શ્રી રાજાભાઇ ચાવડા - બેડી જિ.પં.સીટ પ્રતિનિધિ, શ્રી વિજયભાઈ અજાણી, શ્રી અશ્વિનભાઈ મેઘાણી - મોરબી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ,




ભરતભાઈ ખાનપરા,લઘુ ઉદ્યોગ સેલ પ્રદેશ કારોબારી સભ્ય, શ્રી કિશોરભાઈ તાલપરા, રાજુભાઈ અજાણી, ભરતભાઈ અજાણી, વસંતભાઈ સોરઠીયા,કરમશીભાઈ અજાણી, સુખાભાઈ અજાણી, હરેશભાઈ કમાણી, સરપંચશ્રી રાજગઢ રુદ્રદતસિંહ જાડેજા, ધનરાજભાઈ ડોડીયા-મંત્રી બક્ષીપંચ મોરચો, નરોતમભાઈ પરમાર - મહામંત્રી અનુ.મોરચો,હરિભાઈ પરમાર, મનોજ ચૌહાણ -પ્રમુખ તા.ભા. અનુ. મોરચો, અમિતભાઈ ગોહેલ, સૂર્યકાંતભાઈ પરમાર વગેરે ગ્રામજનો તથા આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલાના જોલાપરી નદીમાં નર્મદા યોજનાની પાઇપ લાઇનમાં ભંગાણ સર્જાતા પાણીનો વેડફાડ



રાજુલા, તા. ૨૦: રાજુલા તાલુકાના જોલાપુર ગામ નજીક નેશનલ હાઇવે રોડ પર જોલાપરી નદી આવેલ છે. અહીં આ નદીમાં ત્રણ ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર દ્વારા મેઈન નર્મદા યોજનાની પાઇપ લાઇનમાં પાણી પહોંચાડવામાં આવે છે. આ નર્મદા યોજનાની પાઇપ લાઇનમાં ભંગાણ સર્જાતા પાણીનો બેફામ વેડફાડ થતો જોવા મળ્યો હતો. અને લોકોને પીવાનુ પુરુ પાણી મળતું નથી અહીયા તો પાણીની રેલમછેલ થઇ રહી છે. જોકે છેલ્લા ઘણા સમયથી પાઇપ લાઇનમાં ભંગાણ છે. છતાંપણ ગુજરાત વોટર ઈન્ફ્રાટ્રકચર બોર્ડ દ્વારા કોઇ સમારકામ કરવામા નથી આવ્યું. ત્યારે પાણીનો વેડફાડ થતો ક્યારે બંધ થશે તેવો સવાલ ઉઠવા પામ્યો છે. વહેલામા વહેલી તકે પાણીનો વેડફાડ થતો બંધ થાય અને યોગ્ય પાઇપ લાઇનનું સમારકામ કરવામા આવે તેવી માંગ ઉઠી છે.


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71

નો ફેવર, નો ફિઅર...


# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે

## તમે પણ બનો ડિજિટલ...



## તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

## વોટ્સએપ પર

**Hi લખીને મોકલો**

# 98983 17826

## અને જોડાઇ જાવ અમારી સાથે...




VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062